Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in



RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૫ • તા. ૨૬જાન્યુ. થી ૧ ફેબ્રુઆરી ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહના છાત્રો દ્વારા અનુમોદનીય પ્રવૃત્તિ

વિદ્યાર્થીગૃહનાં છાત્રોએ વિદ્યાર્થીગૃહના પદાધિકારીઓના પ્રેરણા-માર્ગદર્શને માનવજ્યોત-મુલુંડના સથવારે મુંબઈમાં વિવિધ સ્થળે તા. ૧૩-૧૪/૧/૧૩નાંજાહેર જનતા પાસેથી વણવપરાયેલ અને ઉપયોગી કપડાં તથા દવાઓ એકત્ર કરી માનવતાવાદી પ્રવૃત્તિ કરી તેની ઝલક.....











## વશડીયા-મોમાયા પરિવારનું ગૌરવ



અમારી પુત્રવધુ ચિ. ડૉ. આશા સુશીલ મોમાયા (Ph.d.) હાલે Tata Institiue of Fundamental Research (T.I.F.R.)માં Post-Doc કરી રહી છે. તેને ઈન્સ્ટીટ્યુટે Visiting Scientist તરીકે બઢતી આપી ગૌરવ પ્રદાન કર્યું છે તે બદલ અમો સૌ ગૌરવપૂર્વક હર્ષની લાગણી અનુભવીએ છીએ.

ચિ. ડૉ. આશા તેના ક્ષેત્રમાં ખૂબજ પ્રગતિ કરે તેવી અમારી સૌની શુભેચ્છાઓ...

**શુભાશિષ**

સ્વ. લક્ષ્મીબાઈ નેણશી લાલજી મોમાયા
અ.સૌ. જયવંતીબેન હીરાચંદ ભવાનજી ખોના
સ્વ.સૌ. મણીબાઈ વેલજી ડોશાભાઈ ડાઘા
અ.સૌ. ભાવનાબેન મહેન્દ્રકુમાર પરમાર
અ.સૌ. રોહીણી કીર્તિકુમાર નેણશી મોમાયા

**શુભેચ્છા**

અ.સૌ. મિતલ મયંક ગુલાબચંદ લોડાયા

## ગોધરાના કુરૂવા પરિવારનું ગૌરવ



ચિ. વિરાજ



પુ. સોનબાઈ

શ્રી આદેશ્વરદાદાની કૃપાથી અને પૂ.સા. જયદર્શીતાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘના સહયોગથી ગોધરાના સોનબાઈ શીવજી રતનશી કુરવાના દોહીત્ર, તે ડૉ. આર. એમ. રણધીરના પુત્ર ચિ. વિરાજ પાલીતાણા તીર્થે ૨૦૧૨ અને ૨૦૧૩ના બે વખત ચોવિહારી છઠ્ઠ કરી સાત યાત્રા નિર્વિઘ્ને પુર્ણ કરી છે. જેની અનુમોદના કરીએ છીએ.

**અનુમોદક**

દાદા : ડૉ. એમ. એસ. રણધીર • અ.સૌ. જ્યોતિ વિરેશ ખોના
અ.સૌ. ચિત્રલેખા આનંદ • અ.સૌ. કલ્પના પ્રભાકર
કુ. તીલોતમા કુરવા • મમ્મી : અ.સૌ. હિના ડૉ.આર. રણધીર

## સાંધવ ગામનું ગૌરવ

# હાર્દિક અભિનંદન



મયંક પ્રકાશ લોડાયા

- Co-owner, Assured Health Care Staffing Co-Michigan (USA)
- Master of Health Sciences, Orthopedics
- Bachelor in Physical Therapy,
- Licensed Physical Therapist practicing in Michigan (USA)



પ્રિયંક પ્રકાશ લોડાયા

- B.E. in Electronics from Mumbai University
- Diploma in Electronics & Telecommunications,
- Pursuing Master's in Electronics & Computer Engineering
- Research in Nano Technology from University of illinois at Chicago (USA)

**શુભ આશિષ**

માતુશ્રી મણીબાઈ માણેકજી કેશવજી લોડાયા પરિવાર (સાંઘવ)
માતુશ્રી ધનલક્ષ્મીબેન શાંતિલાલ શીવજી મોતા પરિવાર (લાલા)
શ્રીમતી પ્રીતી પ્રકાશ લોડાયા (સાંઘવ-થાણા)
M.-09869456989 / 09820073591

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 5 / 2013**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

**નોંધ:** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## બૃહદ મુંબઈમાં ધાર્મિક અને અન્ય ક્ષેત્રોએ જ્ઞાતિનું ગૌરવભર્યું યોગદાન

– શ્રી દેવજી દામજી ખોના

**માટુંગા (અ) :** શ્રી. ક.વી.ઓ. સમાજના પ્રતિષ્ઠિત અગ્રેસર અને દાનેશ્વરી શેઠ રવજી સોજપારે પોતાની માલિકીની જમીન ઉપર બંધાવેલી મૂલનાયક શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાનના (મુંબઈના એકના એક આ ચૌમુખજી) મંદિરમાં પાછળની બાજુએ એક ગોખલામાં સાંધવના શ્રી લક્ષ્મીચંદ કુંવરજી જેઠાભાઈ નાગડાએ પ્રભુ મુનિસુવ્રતસ્વામી બિરાજમાન કર્યા છે. (બ) અહીંના ઉપાશ્રયનાં નવ નિર્માણમાં સં. ૨૦૦૯ના અરસામાં શેઠ અરજણ તથા દેવજી ખીમજી તરફથી રૂા. ૧૭,૫૦૦/- જેવી રકમ આપવામાં આવતાં, તે વખતના ટ્રસ્ટ બોર્ડે કાયમના માટે વંશપરંપરાગત એમના તરફથી એક ટ્રસ્ટી માટેની જોગવાઈ કરી જે અન્વયે એના પ્રતિનિધિ તરીકે શ્રી કલ્યાણજી નરશી છેડા ટ્રસ્ટબોર્ડના ટ્રસ્ટી તથા હાલ મેનેજીંગ ટ્રસ્ટી છે. પૂ.આ.શ્રી. વિજયયશોભદ્રસૂરીશ્વરજી (સુથરી) (તે વખતે પૂ. મુનિશ્રી યશોભદ્રવિજયજી) ના સં. ૨૦૧૦ના ચાતુર્માસ દરમ્યાન એમના ઉપદેશથી ઘણા જ્ઞાતિ ભાઈઓએ સારી જેવી રકમ ઉપાશ્રય માટે આપેલ, જેમના નામ આરસની તકતી ઉપર કોતરવામાં આવ્યા છે. (ક) પાછળની ફાજલ જમીન ઉપર મહાજનવાડી બાંધવા જે ગૃહસ્થ રૂા.૩૧,૦૦૦ નું દાન આપશે, તેનું નામ આ સંસ્થા સાથે જોડવામાં આવશે, એવી મતલબની જાહેરાત આ ટ્રસ્ટે કરતાં બાર મહિના સુધી કોઈ ઉમેદવાર ન જાગ્યો. છેવટે શ્રી નારાણજી શામજી મોમાયા (વરાડીયા)એ બીડું ઝડપ્યું, જેથી મજકુર મહાજનવાડી સાથે એમનું નામ જોડવામાં આવ્યું છે. હાલ એ ''શ્રી માટુંગા ક.શ્વે.મૂ. જૈન સંઘની શ્રી નારાણજી શામજી મહાજનવાડી'' તરીકે ઓળખાય છે. એમને કાયમી વંશપરંપરાગત બે ટ્રસ્ટીઓ મોકલવાનો અધિકાર મળેલ હોવાથી, એમના પુત્રો શ્રી કુલીનકાંત તથા શ્રી પૃથ્વીરાજ ટ્રસ્ટીઓ તરીકે હાલ છે.

સં. ૨૦૦૮માં આ દેરાસરજીની પ્રતિષ્ઠા થઈ, ત્રાથી અહિંના સંઘમાં જમાવટ કરવા શેઠ રવજી સોજપારની ઉદાત્ત ભાવના અને આગ્રહથી ઘણાં વરસો સુધી સર્વશ્રી કુંવરજી, ગોવિંદજી, પદમશી તથા વશનજી હીરજી છેડા ચાર ભાઈઓ, કરમશી તેજપાલ મોતા, પદમશી વેલજી લોડાયા, ઉમરશી તથા પદમશી નરશી ચાચા, વસનજી દેવજી ચાચા, ખીમજી હીરજી છેડા, વર્ધમાન શામજી ખોના આદિ ધર્મપ્રેમી ઉત્સાહી જ્ઞાતિબંધુઓ આ દેરાસરજીની રોજબરોજની પ્રવૃત્તિઓમાં તથા પર્યુષણાદિ પ્રસંગોએ ઉછામણી બોલવામાં અગ્રગણ્ય ભાગ લેતા હતા. શ્રી ઝવેરચંદ પદમશી લોડાયાની સંઘના પ્રમુખ તરીકેની તથા શ્રી રતિલાલ પદમશી નાગડાની મા. મંત્રી તરીકેની સેવાઓ પ્રશંસનીય છે. હાલમાં સંઘના માનદ્મંત્રી તરીકે શ્રી નલીન કેશવજી અજાણી, કારોબારી સમિતિમાં શ્રી ખીમજી હીરજી છેડા તથા અન્ય ટ્રસ્ટીઓ તરીકે શ્રી પ્રફુલ્લ ઝવેરી તથા સનત્ શાહ સેવા આપેલ. (ચ) શ્રી ગોવિંદજી જેવત ખોનાએ પોતાના મકાનની અગાશીમાં ઘર દેરાસર બનાવ્યું છે તથા શ્રી વાસુપૂજ્ય સ્વામીના દેરાસરમાં એક પ્રતિમાજી બિરાજમાન કર્યા છે.

**(૧૦) વડાલા :** અઢારેક વરસો પૂર્વે પોતાના ધર્મ પત્ની સૌ. સ્વ. નવલબાઈ તથા અન્ય ધર્મ પ્રેમી બહેનોના આગ્રહથી શ્રી ખેતશી નરશી પોલડીયા (બાયઠ) સીનીયર ટાયરવાલાએ પોતાની દાદા બજારવાળી મિલ્કતમાં નાનું ગૃહમંદિર બાંધી એમાં મૂલનાયક શ્રી સંભવનાથ આદિ ત્રણ પ્રતિમાજીઓને બિરાજમાન કર્યા. ત્યારબાદ સંજોગોવશાત્ શ્રી અચલગચ્છ સંઘ તરફથી બે સ્થળોએ આ પ્રતિમાજીઓને બિરાજમાન કરવામાં આવ્યા, છેવટે એક મકાનના ગેરેજને ઘર દેરાસર બનાવી એમાં બિરાજમાન કર્યા. પૂ. સાધ્વી શ્રી હેમલતાશ્રીજી મ.સા. ની પ્રેરણાથી અહીં સ્થાપવામાં આવેલ શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ તરફથી વિશાળ પ્લોટ ખરીદી એના ઉપર એક માળનું શિખરબંધ દેરાસર તથા વિશાળ ઉપાશ્રયનું નવનિર્માણ કરવામાં આવ્યું છે. અહીંના

અચલગચ્છ સંઘમાં બંને જ્ઞાતિઓનો સુમેળ હોવાથી ખૂબ ઉલ્લાસ અને આનંદપૂર્વક અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં સં. ૨૦૪૩માં દબદબાપૂર્વક અંજન શલાકા તથા પ્રતિષ્ઠાની ઉજવણી થયેલ. દેરાસરજીની ખનન વિધિનો લાભ રંગપુર નિવાસી શ્રી રામજી માણેકજી નાગડા (મંગલ પ્રીન્ટર્સ) એ લીધેલ. આ નૂતન દેરાસરજીમા શ્રી ખેતશી નરસીએ પધરાવેલ શ્રી સંભવનાથ ભગવાનને મૂલનાયક તરીકે તથા એમના અસલના બે બિંબોને પણ એજ ગભારામાં બિરાજમાન કરવામાં આવ્યા છે. ગેરેજવાળું દેરાસર કાયમ રાખી એમાં પણ નૂતન જિનબિંબોને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે. શ્રી કરમશી હીરજી વીકમશી (જખૌ) ના પરિવાર તરફથી બંને દેરાસરોમાં એક એક પ્રતિમાજી ગાદીનશીન કરવામાં આવ્યા છે. શ્રી કરમશી હીરજી પરિવાર, નરશી લધા પોલડીઆ પરિવાર, શ્રી પ્રેમચંદ મુલજી સોનાવાલા, મે. એચ.પી. ડાઘા વિગેરે જ્ઞાતિબંધુઓએ આ મહોત્સવમાં ઉદારદિલે લક્ષ્મી ખરચી અનેરો લાભ લીધો હતો.

શ્રી વડાલા અચલગચ્છની સ્થાપના વખતે ટ્રસ્ટીઓ તરીકે સર્વશ્રી ખેતશી નરશી, હીરજી વીરજી મોતા (સ્વ. પૂ. મુનિ શ્રી હીંકારવિજયજી મ.સા.) ઝવેરચંદ નાગશી જીવરાજ આદિ જ્ઞાતિબંધુઓએ સંઘનો પાયો મજબૂત બનાવવામાં અગ્ર ભાગ લીધો હતો. શ્રી સૂર્યકાંત નાગશીએ ઘડી આપેલ સંઘના બંધારણ મુજબ બન્ને જ્ઞાતિઓ તરફથી બબ્બે ટ્રસ્ટીઓ ચૂંટવામાં આવે છે.

**ઘાટકોપર પૂર્વ (અ) :** પોણોસો એક વરસો પૂર્વે મધ્ય રેલ્વેના પરાંઓમાં કચ્છી શ્રીમંતોએ જમીન ખરીદી એના ઉપર પોતાના વસવાટ માટે બંગલા અગર એક મજલાની ચાલીઓ બાંધવાનું શરૂ કર્યું. અહીં શ્રી શિવજી કરમશી મોમાયા (વરાડીયા) તથા શા. રતનશી રાયવરે (નલીઆ) સંયુક્તપણે વિશાળ જમીન ખરીદી. શ્રી શિવજી કરમશીએ પોતાના હિસ્સાની જમીન ઉપર બંગલો તથા એક મજલાની ચાલ બાંધી. ભાંડુપને અનુલક્ષીને તે સમયે સર્વશ્રી શિવજી કરમશી રતનશી રાયવર, લાલજી પુનશી (નવાવાસ) તથા હીરજી ઘેલાભાઈ અને વીશનજી ઠોકરશી (ગઢશીશા) એ સમભાગે નાણાં ખરચીને જિનમંદિર અને ઉપાશ્રય બંધાવવાનો નિર્ણય કર્યો. ઉપરોક્ત શેઠીઆઓ પૈકી શ્રી રતનશી રાયવરે મકાન ન બાંધતા, પોતાની જમીન ભેટ આપતા, એના ઉપર બાકીના ચાર શેઠીઆઓએ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર તથા એક મજલાવાળો ઉપાશ્રય બંધાવ્યો અને એનો વહીવટ પણ એ ચાર મહાનુભાવો કરતા હતા. ભાંડુપ દેરાસરજી શ્રી અનંતનાથજી ટ્રસ્ટને તથા સેનેટોરીયમ શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રીને ત્યાંના વહીવટકારોએ સોંપતા એને અનુલક્ષીને ઘાટકોપરની આ મિલ્કત શ્રી. ક.વી.ઓ.દે. જૈન મહાજનશ્રી (ભાતબજાર)ને સોંપી દેવાની શ્રી શિવજી કરમશી (વરાડીઆ) એ રજુઆત કરતાં આ સ્વતંત્ર સંસ્થા શ્રી ક.વી.ઓ.દે. મહાજનશ્રીની મિલ્કતમાં વિલિન થઈ ગઈ. જો કે માલિકી હક્ક આ મહાજનશ્રીનો હોવા છતાં એનો વહીવટ શ્રી ઘાટકોપર ક.મૂ. જૈન સંઘ કરે છે. બંને જ્ઞાતિના બંધુઓ સ્નેહ અને સંપપૂર્વક કાર્યવાહી કરે છે.

આ સંઘને કાર્યરત અને સધ્ધર બનાવવામાં જ્ઞાતિબંધુઓ સર્વશ્રી વેલજી શિવજી, કરમશી પાંચારીઆ, વીરજી લધાભાઈ, નરશી વસનજી માવજી, હીરજી રાયશી, હીરજી ભારમલ, કુંવરજી કુરપાર, દામજી શામજી જીવાણી, પદમશી શિવજી રવાવાલા, શિવજી કેશવજી છેડા, લખમશી મણશી નાગડા, હીરજી ખીંઅરાજ, દેવશી હીરજી વિકમશી, સૌ. જેવંતીબાઈ માણેકજી આદિનો હિસ્સો છે. સર્વ શ્રી ધારશી હીરજી વીકમશી, દેવકુંવરબાઈ નવીનચંદ મૈશેરી, ગુણવંતીબાઈ ચંદુલાલ મોમાયા, ટોકરશી આણંદજી લાલકા વિગેરે બંધુઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

**ઘાટકોપર (બ) :** ૬૦ ફીટ રોડ તરફ જતાં નજીકમાં ખોખાણી લેનમાં સ્થાનકવાસી શ્રમણી સંઘના મકાનની બાજુમાં શ્રી ક.વી.ઓ.દે. મહાજનશ્રી હસ્તકનું એક અતિથિગૃહ બાંધવામાં આવ્યું છે. આ જમીન શ્રી ગોવિંદજી હરશી (ફ્રોઝપુર) ના બહેન નલીઆ નિવાસી વીરબાઈની છે. વીરબાઈએ આ જમીન શ્રી ઘાટકોપર સંઘને એ શરતે અર્પણ કરેલ કે અહિં અતિથિગૃહ બંધાય તેમાં બંને જ્ઞાતિના સભ્યો અર્ધોઅર્ધ હિસ્સે લાભ લઈ શકશે.

***(ક્રમશઃ)***


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in


**હાર્દિક અભિનંદન**

**ડૉ. યોગીનીબેન વેરશી મૈશેરી** (નાની સિંધોડી)ને મુંબઈ યુનિ. માં ફીલોસોફીમાં ડૉક્ટરેટ થવા બદલ હાર્દિક અભિનંદન...

**-"તન-મન" પરિવાર**


SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

॥ શ્રી ગોડીયાજી પાર્શ્વનાથાય નમઃ ॥

# કચ્છ રાપરગઢવારી તીર્થે શ્રી ગોડીયાજી પાર્શ્વનાથ જિનાલયનો ધ્વજા મહોત્સવ નું આગોતરૂં આમંત્રણ

આપણા જિનાલયનો આવતો ધ્વજા મહોત્સવ વિ. સં. **૨૦૬૯** ના જેઠ સુદ દસમ

**મંગળવાર, તા. ૧૮.૦૬.૨૦૧૩** ના દિવસે નિર્ધારીત છે.

સર્વે ગામવાસીયો તથા નીયાણી બહેનોને સહકુટુંબ માદરે વતન પધારવા ભાવભર્યું આમંત્રણ. **''ધ્વજારોહણ''** નો લાભ **માતુશ્રી દેવકાંબાઈ ટોકરશી પાશ્વીર લોડાયા** હસ્તે **શ્રી લલીતભાઈ ટોકરશી લોડાયા (હૈદરાબાદ)**એ લીધેલ છે.

## ✡ કાર્યક્રમની અંદાજીત રૂપરેખા ✡

| | |
|---|---|
| **૧૬/૦૬/૨૦૧૩** | સાંજે મુંબઈ થી પ્રયાણ |
| **૧૭/૦૬/૨૦૧૩** | સવારનાં કચ્છ આગમન |
| **૧૭/૦૬/૨૦૧૩** | બપોરે ૨.૦૦ વાગે અઢાર અભિષેક |
| **૧૭/૦૬/૨૦૧૩** | સાંજે ૭.૦૦ વાગે ભક્તિ સંધ્યા નામી કલાકારો સાથે |
| **૧૮/૦૬/૨૦૧૩** | સવારના ૯.૩૦ વાગેથી ''સત્તરભેદી'' પૂજા પ્રારંભ |
| **૧૮/૦૬/૨૦૧૩** | સવારના ૧૦.૩૦ વાગે ''ધ્વજારોહણ'' |
| **૧૮/૦૬/૨૦૧૩** | બપોરે ૩.૦૦ વાગે મુંબઈ માટે રવાના |

## દાતા આવકાર્ય છે.

નવકારશી-રૂા. **૭૫૦૦/-** બપોરનું જમણ-રૂા. **૧૫,૦૦૦/-** ચૌવિહાર-રૂા. **૧૧,૦૦૦/-**

## : નમ્ર સૂચના :

**નકરો રૂા. ૧૦૦૦/- પ્રતિ વ્યક્તિ રાખવામાં આવેલ છે. ગુરૂવાર, તા ૨૮/૦૨/૨૦૧૩ સુધીમાં નીચેના કાર્યકરોને સંપર્ક કરીને નામ નોંધાવવા વિનંતી.**

## સંપર્ક સુત્રો

**નરેન્દ્ર મોતા : ૯૮૨૦૬૯૦૯૦૪**
**સોમચંદ નાગડા : ૯૮૩૩૮૧૬૧૩૧**
**ચંદુલાલ મૈશેરી : ૯૮૩૩૧૫૧૨૫૮**
**મુલચંદ લોડાયા : ૯૮૨૦૮૪૨૪૨૭**

**રાપરગઢવારી મુકામે નુતનીકરણ થયેલ જ્ઞાનશાળાનાં દાતાઓનું નકરો રૂા. ૧૧,૦૦૦/- નક્કી થયેલ છે, જેમના નામો જ્ઞાનશાળામાં કાયમી અંકિત કરવામાં આવશે જેની નોંધ લેવી.**

**••• નિમંત્રક •••**

***રાપરગઢવારી–નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ***

# SOM BAPA SATHE KUTCH MEIN MAJJA! - Panchmi Darshan Shah

Som Bapa, **(Sri. Somchand Dharamsey),** is my father's **(Dr. Kirit Laxmichand Dharmsey's)** elder cousin. He has been writing many articles on **KUCHCHH** in **Prakash Samiksha**, which I have been reading **with great interest** and which **created a desire** in me to visit Kuchchh. So, during the Diwali vacation, I decided to visit our homeland with my family and see **Kuchchh through his eyes...**

We were surprised, bewildered and at times **AWESTRUCK** by the beauty of KUCHCHH!

**Great roads and green environs** greeted us with open arms! We started our trip at **Bhuj** where the **Hamrisahr lake** offered a surprise - it was hosting incredibly beautiful **MIGRATORY** birds-**PELICANS, SPOONBILLS, STILT DUCKS,** etc. They were all over the lake as if in a community gathering! It seemed like a **bird festival!** In rainy season, the lake overflows and looks even more beautiful. There are **CHATARDDIS** of the royalty near the lake which add to its beauty. At Bhuj we also visited the **Kuchh Sanskriti** museum, **Swaminarayan** temple and **Heera-laxmi Craft Park.** We felt very proud of our rich past and our Kuchchhi culture and traditions.

We visited nearby **Mandvi**-the spectacular, virgin **beach** and the grand **Vijay Vilas Palace** of the Kuchchh royalty. We were in awe of our **Architectural Heritage** and couldn't help but admire the wonderful view that the castle commands! We also visited the sprawling **Vipassana Centre at Wada** that attracts people like a **flower to the bees!** In a life full of haste and stress, it promises the **calm** that your heart has been searching for. **Its green, serene ambience** beckons you to stay on... and discover your true self...

Another divine place endowed with natural beauty was **Narayan Sarovar** near **Koteshwar** where we had halted for the night. We reached the place before sunset and were treated to a breathtaking sight-**golden rays of the sun played upon the cool waters** while the Narayan temple bells **rang music** in our ears, as the birds flew about in the colourful sky... It was **picturesque...**

Out next night halt was at a unique place-an oasis in an arid region in **Banni-at Fulay.** It was a virgin place in a remote corner of Banni and we were far from human habitation. It seemed that we were on **another planet** altogether! We lost ourselves in the universe gazing at innumerable bright stars with only sounds of cricket (insects) for company! We stayed at a Bhunga-styled gujarat govt. guest house with hospitable caretakers. We rose early the next day and ventured into vast grasslands filled with thousands of **COMMON CRANES** finally reaching a huge lake dotted with **FLAMINGOES, PELICANS, GREY HERONS, STILT DUCKS, EGRETS,** etc. It was a sight to behold! We could see the birds in their natural habitat-the birds being blissfully unaware of our presence!

With Som bapa, we visited another unique place-there was a sea of whiteness all around-till the eyes met the horizon! It was the white speck on India's map-We were in the midst of a **GLOBAL WONDER! The WHITE RANN of KUCHCHH!** I could not believe my eyes-vast land of **shining silver** lay ahead of me-gypsum salt layer left behind by the sea-water. It gave us a lot of peace to be there-**just the RANN and US!** How did White Rann of Kutch developed? On 16th June 1819 a great earthquake took place and one of line of River Sindhu which used to flow near Lakhpat-Kori Creek and to Arabian Sea was diverted to Sindh in Today's Pakistan. The sea water started entering and from kori creek and deposited water which after evaporation developed in to ipsam salt, which formed the White Rann of Kutch.

Lakhpat Fort was re-built in the time of Jamadar Fate Mohmad around 1790. Lakhpat fort has Krishna & Ram Temple, A Gurudwara, and Gosh Mohd. No Kubo. Ghodh Mohd. was a great Muslim Fakir. We also saw the tent city and the ongoing preparations for the upcoming and much-hyped **RANOTSAV!** Staying at the Rann Resort near the White Rann was an experience in itself, **'Lipan'-decorated mud 'Bhungas'** exuded a rustic charm. Folk artists enthralled us with their **mesmerising** performance-**"Maro Helo Sambhdo Ji..."**

We went to the **'Karo Dungar',** which is famous for, among other reasons, the **'Jackals'** that come to eat the 'Prasad' when the Pujari of the Datta mandir calls them with a 'Long, long, long' call, banging a big plate with a stick. We witnessed this sight after the evening Aarti and were surprised at the fact that a human moved fearlessly among wild **Jackals** who **ate not the human but the divine Prasad!**

Our visit to **'Dholaveera',** the **pre-historic harappan site;** was really worthwhile. The site is **world-famous for its Water-Management system.** The system is so well designed that it can put our present 21st Century defunct systems to shame! The site also boasts of the **world's First Signboard!** The museum there showcases the tools, jewelry, pottery, etc. used by the pre-historic people. How ancient is the history of Kuchchh and hos proud were we to see the site that housed one

of the **earliest human civilisations** on earth! The road connecting Dholaveera to the mainland passes through the **White Rann** and we were lucky to spot some **Neelgai** there.

**The Fossil Park,** owned by Mr. Sodha gave us a deeper insight into the rich, **ancient BIO-DIVERSITY** of **Kuchchh.** There were fossils as old as **193 million years** that were found in the Kuchchh soil! Each fossilized creature had its own story to tell! The amazing fact is the one creature, the **'Sea-Cow',** is **unique in the world,** to Mr. Sodha's collection! My son, Sarthak, had this startling, exciting information to share with his friends back in Mumbai!

We visited a place called A**himsadham** in **Mundra** and were surprised to see an **ICU for animals** there! It is a big complex that houses and treats **wounded or sick animals,** mostly cattle. Several operations are performed by competent vets. The centre exhibits pictures on cruelty to which animals are subjected for non-vegetarian food or use in other products. Some of the pictures were heart-wrenching! We felt lucky to be born into the **Jain** religion which has the fundamental principle of non-violence!

We visited several otehr places in Kuchchh including the **Abdasa Temples.** The temple of **'Daun'** has **exquisite mirror-work** inside while the **'Dedhiya'** Temple has a **'Samet Shikhar replica'** with all the **'Deris'** and their respective **'Lords'.** The **Bhadreshwar temple** is equally magnificent and we had an added reason to visit it since our family goddess 'Ashapura Aai's temple is located close by. The visited Suthari, Kothara, Wanki and other temples too.

Our **Kuchchh trip** was really **wonderful** and one of **the best** ones we have had! Kuchchh bared to us its finest treasures-**culture, nature, bio-diversity, history and humanity.** All thanks to Som Bapa! We are **proud of our roots** and that **Kuchchh** is our homeland! so thinks my son too, **our future generation!**

## સગપણસેતુ નિઃશુલ્ક વિભાગ

'પ્રકાશ સમીક્ષા' સાપ્તાહિક દર અઠવાડીયે લગ્નોત્સુક જ્ઞાતિપાત્રોના પરિચય નિઃશુલ્ક પ્રકટ કરે છે. ભાગ લેવા ઈચ્છુકે પોતાનો ૨૦ મુદ્દાનો પરિચય નિયત ફોર્મ ભરી મોકલવા વિનંતી છે. તે પ્રકટ થયા બાદ તમારા માટે આવેલ પુછપરછ સીધેસીધી આપના સરનામે વાલીઓને મોકલાશે. એ પછી આપ ફોટો, કુંડલી તથા વિગતવાર પરિચય તેમને મોકલી તપાસ કરી આપ વાત આગળ વધારી શકશો. ભાગ લેનારે રૂા. ૫/-ની પોસ્ટલ સ્ટેમ્પ સહિતનું કવર સાથે મોકલવું.

આ વિભાગથી આપને યોગ્ય પાત્રની વિશાળ પસંદગી મળી શકશે. આ વિભાગ નિઃશુલ્ક છે. જ્ઞાતિમાંથી યોગ્યપાત્રોની પસંદગી માટે **'સગપણસેતુ'** સફળ પરીણામ લાવી શકે છે. અત્યારસુધી ૩૫૦થી વધુ પાત્રોના પરિચય પ્રગટ થયા અને ઘણી સગાઈઓ બંધાયાનું નિમિત બન્યું છે.

### પ્ર.સ.ની ધાર્મિક જ્ઞાન સ્પર્ધાનું પરિણામ

| ક્રમ | સ્પર્ધક | ઈનામ(રૂા) | સ્થળ |
|---|---|---|---|
| ૧. | **કુ. ભૂમિ વસંત લોડાયા** | ૧૦૦૦/- | આદીપુર |
| ૨. | **શ્રી. રાજેશ એન. ખોના** | ૭૫૦/- | ડોંબિવલી |
| ૩. | **શ્રી દર્શન એ. કુરવા** | ૫૫૦/- | શાહપુર |
| ૪. | **શ્રી યશ શાહ** | ૨૨૫/- | મોહને |
| ૫. | **યુક્તા વિ. મોમાયા** | ૧૫૦/- | આદીપુર |

પાંચે વિજેતાઓને ઈનામ રકમ મોકલી અપાયેલ છે. આ સ્પર્ધામાં ૧૫ જણાંએ ભાગ લીધેલ.

**ભુલસુધાર :** ગતાંક 'અનંતછાયા' : 'અજ્ઞાન કે અસત્ય' શીર્ષક હેઠળ શ્રી પ્રવીણ ખોનાના લેખમાં ૧૯૮૨માં જે ટ્રસ્ટીઓએ 'અનંતછાયા' ના ભાડૂતોની તકલીફો નીવારવા પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. તેમાં ટોકરશીભાઈના નામનો ઉલ્લેખ છે તેને સુધારીને **ઠાકરશીભાઈ મેઘજી ગોસર** વાંચવું.


**જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત**

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

# શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી


૨૧, ગુલાબ નિવાસ, ત્રીજે માળે, ગાવદેવી, ઘનશ્યામ ગુપ્તે રોડ, ડોંબિવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨.

E-mail ID : shreeswastikgroup12@gmail.com


**આયોજીત**

## રક્તદાન અભિયાન તથા
## ફ્રી બ્લડગ્રુપ અને ડાયાબિટીશ ચેકઅપ

### રક્તદાન મહાદાન... ટીપે ટીપે જીવનદાન...

**રક્તની જરૂર ક્યારે પડી શકે ?**

અકસ્માત સમયે, કુદરતી આફત, કેન્સર, ઓપરેશન સમયે, પ્રસુતિ સમયે થતા માતા મૃત્યુદર અટકાવવા માટે. થેલેસીમયા, હિમોફોલિયા તેમજ સિક્લ સેલના દર્દીઓ માટે લાભદાયક સાબિત થઈ શકે છે.

**સ્વૈચ્છિક રક્તદાતા કોણ બની શકે ?**

જે વ્યક્તિની ઉંમર ૧૮ થી ૬૫ વર્ષની વચ્ચે હોય અને વજન ૪૫ કિ.ગ્રા. હોય તેમજ છેલ્લા એકવર્ષ દરમ્યાન કોઈ ગંભીર બિમારી ન થઈ હોય તથા લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ૧૨.૫ ગ્રામ અથવા વધુંહોવું આવશ્યક છે.

**શિબિરની તારીખ** : ૩/૨/૨૦૧૩, રવિવાર, સવારે ૯ થી સાંજે ૫ સુધી

**શિબિર સ્થળ** : શેઠશ્રી કે.બી. વીરા હાઈસ્કુલ, ફતેહઅલી રોડ, ડોંબિવલી (પૂર્વ).



### ☆ આ અભિયાનના સહયોગી પરિવાર ☆

માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢવારી)

માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા (વરાડીયા)



### ☆ રક્તદાન શિબિરના કન્વીનરો ☆

જયેશ લોડાયા (મો. ૮૯૭૬૫૭૫૦૮૦) રાજીવ ધરમશી (મો. ૯૭૭૩૦૯૮૬૪૮)

રાહુલ છેડા (મો. ૯૮૧૯૮૭૨૪૦૬) જિજ્ઞેશ લોડાયા (મો. ૯૧૬૭૯૨૧૬૮૨)

ભરત ખોના (મો. ૮૮૭૯૪૧૪૭૧૧) હિતેશ નાગડા (મો. ૯૮૨૦૬૭૦૦૩૯)

GIVE BLOOD SAVE LIFE

આપની રક્તની જરૂરીયાત માટે ઉપરના નંબર પર સંપર્ક કરશો.

બ્લડ કાર્ડનો ઉપયોગ ફક્ત રક્ત ઉપલબ્ધ કરાવવા જ થઈ શકશે.

હા! તો મિત્રો રક્તદાન કરી કોઈનું જીવન બચાવવામાં સહભાગી થવાના છીએ એવું વિચારી ખુશ થાઓ.

લી. **શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી**


શ્રી હિરાલાલ હંસરાજ ડાઘા
(વરાડીયા-માટુંગા)

**AMBA**
**SHIPPING AGENCIES**
CLEARING FORWARDING & SHIPPING AGENTS

401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-09.
2348 1744 Telefax 2348 1875 Fax : 2348 0587 E-mail : ambashipage@rediffmail.com

માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા
(રાપરગઢવારી)

MOTA

**MOTA TRADING PVT. LTD.**
**SIMANDHAR EXIM CORPORATION**
*DFIA/DFRC Licenced Traders*

20, Kapadia Chambers, 51-Devji Ratanshi Marg, Masjid (E),
Mumbai - 400 009. ✆: 6633 1632 / 6637 6314 Fax : 6637 0057.

## -: સુચના :-

- 'પ્રકાશ સમીક્ષા'માં પ્રકાશિત કરવા માટે મોકલાતી માહિતી (સમાચાર, ચર્ચાપત્ર, લેખ, કાવ્ય, જીવનચક્ર નોંધ, ઉપયોગી માહિતી વગેરે ટૂંકમાં મુદ્દાસર પાનાની એક જ બાજુએ સુવાચ્ય અક્ષરે નામ, સરનામા, ફોન, ઈ-મેઈલ સહ લખી મોકલવી. ઝેરોક્ષ કોપી મોકલવી નહીં.
- ઈ-મેઈલથી મોકલેલ માહિતી છતાં લેખિત નકલ મોકલવી જરૂરી છે. E-mail મોકલ્યાનો SMS/ ફોન 9820808077 પર કરવો.
- સ્વીકારાયેલ/ન સ્વીકારાયેલ લેખ કે માહિતી પરત અપાતા નથી.
- છપાયેલ મેટર માત્ર એક માસ સુધી સચવાશે, તે પછી નિકાલ કરાશે.
- લાંબાલચક, અપ્રસ્તુત વર્ણનવાળા, બીનજરૂરી માહિતીવાળા કે આત્મશ્લાધાવાળા જ્ઞાતિને ન સ્પર્શતા અને બીનઉપયોગી લેખ અસ્વીકારને પાત્ર કે કાપકુપને પાત્ર ઠરશે.
- જ્ઞાતિને સ્પર્શતા સમાચારો/માહિતી જ્ઞાતિની જાણકારી માટે દરેક સંસ્થાએ નિયમિત સમયસર મોકલવી. એ જાણવાનો જ્ઞાતિનો હક્ક છે અને દરેક સંસ્થાની/કાર્યકરની તે મોકલવાની ફરજ છે.
- પ્ર.સ. સાપ્તાહિક માટેની દરેક વિગત દર **મંગળવાર સાંજ** સુધી મળી જાય તેમ મોકલવી એ પછી મળતી માહિતી આગામી અંક માટે ક્રમશઃ લેવાશે.
- લેખ/માહિતી જા.ખ. ચોક્કસ જગ્યા કે જલ્દી લેવા કોઈ આગ્રહ કે સંવાદને સ્થાન રહેશે નહીં.
- સરનામા બદલી વખતે જુનું સરનામાંની વિગત આપવી જરૂરી રહેશે.
- જાહેરખબરોમાં આવતા વિધાન-દાવા બાબત પ્ર.સ. સમિતિ જવાબદાર નથી.
- અંકના સ્ટીકર ચેક કરી ફેરફાર હોય તો લખી જણાવવું.
- કોર્ટથી લીધેલા છુટાછેડાની જ ખબર છપાશે. કોર્ટ ડીક્રીની નકલ ચૂકાદા સાથે મોકલવી. પરસ્પર સંમતિના કરાર કાયદેસર ગણાતા નથી.


**SUN developers**

Reg.No. GUJ/RJT/66795
www.sundevlopers.co.in

**સનસીટી-૧**

**બત્રીસમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન નં. | ઈનામ | મેમ્બરનું નામ |
|---|---|---|
| 1017 | હોન્ડા એક્ટીવા | કુલદીપ જે. જેશવાલ-ગાંધીધામ |

કોમ્પ્યુટર સેટ : 1412, હેન્ડીકેમ કેમેરો : 1217 ફ્રિઝ 230 લિ. : 871 આટા મેકર : 668, ફ્રિઝ : 612, ટીવી. 20' : 254, વોશિંગ મશીન : 291.

**!! આશ્વાસન ઈનામો !!**

(૪ થી ૫ ઓવન ) : 1319, 1961
(૬ થી ૧૦ ડવીડી પ્લેયર) : 572, 1113, 1317, 1874, 1877
(૧૧ થી ૧૫ મિક્ચર જ્યુસર) : 422, 1347, 1431, 115, 1082
(૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : 1918, 1785, 635, 94,1839, 347, 1126, 1700, 13, 1493
(૨૬ થી ૩૫ તવા સેટ ) : 824, 289, 418, 1928, 785, 1707, 215, 48, 877, 211
(૩૬ થી ૪૫ મોબાઈલ કવર) : 884, 289, 418, 1928, 785, 1707, 215, 48, 877, 211
(૪૬ થી ૬૫ મિક્ચર ગ્રાઈન્ડર) : 1661, 1512, 1759, 305, 343, 138, 644, 1544, 1791, 1714, 1790, 1950, 1421, 122, 58, 640, 1429, 1811, 1274, 1040
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર ) : 574, 577, 396, 269, 1640, 112, 549, 1014, 1290, 989, 1118, 1260, 125, 791, 857

**તેત્રીસમી મિટિંગ તા. ૯.૨.૧૩ એકમ ભવન ભુજ મધ્યે**
ભુલચુક ક્ષમ્ય છે-આઈટમ ઓફિસેથી મેળવી લેવી.

૧૧૪, ધવલ કોમર્શિયલ, છઠ્ઠીબારી રીંગરોડ, ભુજ. મો. **99096 47953**
સૌજન્ય : ભલારાદાદા એસ્ટેટ એજન્સી-ગાંધીધામ



Since 1984...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા લેવામાં આવશે.**

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિમહાજન, કોચીન

## કલ્પવૃક્ષ યોજના

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનને કલ્પવૃક્ષની યોજના બાબત સત્ય હકીકતથી માહિતગાર કરાવવાના ઈરાદાથી અમોએ મજકુર યોજનાના દરેક પાસાની છણાવટ કરતો એક વિગતવાર પત્ર તેમને લખેલ છે. આપ સૌ પણ એ સત્ય હકીકતથી માહિતગાર થઈ શકો એ ઈરાદાથી એ પત્રમાં જણાવેલ મુખ્ય મુદ્દા સાથેની સત્ય હકીકત નીચે મુજબ રજુ કરેલ છે.

“આપણી જ્ઞાતિના, ખાસ કરીને મધ્યમવર્ગના ભાઈઓ, થોડા રોકાણથી ૧૦ થી ૧૫ વર્ષ બાદ સારી રકમ મેળવી શકે એ નેક ઈરાદાથી દક્ષિણ ભારત એકમે આ યોજના શરૂ કરેલ. યોજના શરૂ થયા બાદ થોડા વર્ષો સુધી એમ લાગતું હતું કે આ યોજના જરૂર સફળ થશે. પણ પાછળથી પ્લાન્ટેશનના જણાવ્યા મુજબ પ્રતિકુળ સંજોગો ઉભા થયા, વૃક્ષોના મૂળીયાને રોગ લાગ્યો અને યોજના નિષ્ફળતાના આરે પહોંચી ગઈ. આમ થવાથી જ્ઞાતિ અને ખાસ મધ્યમવર્ગના રોકાણકારોને બહુજ નિરાશા સાથે નુકશાની ભોગવવાનું થાય છે.

અમોએ અત્રે આપશ્રી સમક્ષ રજુઆત કરતી વખતે ખાસ એ વાત દોહરાવી હતી કે આપણાં મધ્યમ વર્ગીય જ્ઞાતિ ભાઈઓને બહુજ નુકસાની થયેલ છે. **પણ હવે વધુ નુકસાન ન થાય તે માટે સામુહિક પ્રયત્નો કરવા જોઈએ.**

શ્રી દ. ભા. ક.દ.ઓ. એકમે રજુ કરેલ આંકડાઓને ધ્યાનમાં લઈને, અમોએ નીચે મુજબ વર્ક આઉટ કરેલ છે.

૧. **કલ્પવૃક્ષ ૪૧૫૭૦ :** એક વૃક્ષનાં રૂા. ૪૪૦/- લેખે કુલ રકમ રૂા. ૧,૮૨,૯૦,૮૦૦/- થાય. એમાંથી એકમે બોન પ્લાન્ટેશનને ચુકાવ્યા રૂા. ૧,૭૦,૪૩,૭૦૦/- એટલે આ યોજનાથી એકમની બચત રૂા. **૧૨,૪૭,૧૦૦/-**

૨. દ. ભા. એકમની જમીન ૧૨૪.૬૫ એકર : એક એકરની saleable value અંદાજે રૂા. ૪ લાખ, એટલે વેંચાણ થયેથી પ્રાપ્ત થતી રકમ રૂા. **૪,૯૮,૬૦,૦૦૦/-**

**અમો ઈચ્છીએ છીએ કે નીચે પ્રમાણે ચુકવણી થવી જોઈએ**

૧) વૃક્ષોની વેંચાણ રકમ જે રૂા.૧,૮૨,૯૦,૮૦૦/- થાય છે તે રોકાણકારોને ચુકાવ્યા બાદ અંદાજીત **ત્રણેક કરોડ**નો વધારો થાય છે તે.

૨) આ ઉપરાંત મજકુર યોજનામાંથી એકમને જે બચત થયેલ અને એમાંથી એકમે પ્રોપર્ટી ખરીદ કરી, કે જેમાંથી પણ તેઓને બહોળો નફો પ્રાપ્ત થયો છે તે.

૩) બોન પ્લાન્ટેશનને ઝાડ રોકાણકારો પાસેથી મળેલ રકમમાંથી કુનૂરમાં જમીન ખરીદ કરેલ અને તેના વેંચાણથી જે રકમ ઉત્પન્ન/પ્રાપ્ત થાય તે સર્વે ઝાડના રોકાણકારોને આપવા કબુલાત કરેલ છે. આમાંથી **રૂા. ૨૦ લાખ** એમને મળી ગયેલ છે. આ સર્વે રકમ ઉમેરવાની રહેશે.

આમ બધી રીતે ઉત્પન્ન થતી રકમ ઝાડના માલિકોને યોગ્ય વહેંચણી થાય તેમજ જમીનના વેંચાણ માટે જે સોદો થાય તે તદ્દન પુરેપુરી રીતે પારદર્શકતાવાળી હોય.

ખરી રીતે જોઈએ તો ઉપર જણાવેલ વર્કિંગની પૂરેપૂરી વિગત એકમે આપશ્રી સમક્ષ રજુ કરવી જોઈતી હતી કે જેથી આપ એક **મધ્યસ્થ બોડી** હોવાથી આપને પૂરેપૂરી જાણકારી Facts & Figures સાથે મળી શકે. આને બદલે એકમે આપશ્રીને જણાવેલ છે કે ‘આપશ્રી પણ આ બાબત હવે અત્રેજ સ્થગિત થાય તેવા પ્રયત્નો કરવા નમ્ર વિનંતી.’ આનો અર્થ એ થાય કે એકમના હિસાબે આ પ્રકરણ પૂર્ણ થયું સમજવું. આની પાછળ એમનો ઈરાદો શું હશે એ સમજ બહાર છે.

**સમસ્ત મહાજન સંસ્થા**, એ ભારતભરના વિવિધ અને સઘળા મહાજનોનું સંઘઠન છે. એ હિસાબે આ સંસ્થાના નેજા હેઠળ કોઈપણ અંગ ભૂલ કરતું હોય કે જણાય તો તેઓને યોગ્ય અને સાચો માર્ગ બતાવવાનો આપશ્રીને હક્ક છે. જ્ઞાતિના વિશાળ હિતને લક્ષમાં લઈ જ્ઞાતિબંધુઓને ન્યાય મળે તે માટે યોગ્ય અને ત્વરિત ઘટતું કરવા નમ્ર વિનંતી. ઉપર મુજબની જાણકારી બાદ આપને ખ્યાલ આવશે કે આ બાબતમાં સત્ય શું છે અને તેને કઈ રીતે સુલઝાવી શકાય

**(નોંધ : શ્રી D.B. K.D.O. જૈન એકમ, બેંગલોરના તા. ૧૯.૧૧.૨૦૧૨ના પત્ર મુજબ તેઓ જરૂરીયાતમંદ ૬૮૫ રોકાણકારોને ફક્ત તેમણે રોકેલ રકમ રૂા. ૨૨.૭૮ લાખ ચુકવેલ છે.)**

## બાળદીક્ષા-એકવીસમી સદીમાં... - પ્રવીણ લોડાયા (વડોદરા)

હાઈકોર્ટે બાળદીક્ષાની ઝાટકણી કાઢી છે. ટેક્નીકલી એન્ડ લીગલી, જો બાળદીક્ષાનો સ્વીકાર થાય, તો ચાઈલ્ડ એબ્યુઝ કે ચાઈલ્ડ લેબર પણ સ્વીકૃત થાય ત્યારે સગીર વયની છોકરી એમ પણ કહી શકે કે ફલાણો મારો પૂર્વજન્મનો પ્રેમી છે. મારે હાઈસ્કુલ નથી જવું. બસ, એની સાથે પરણાવી દો.

એ કહી શકે કે મને તો બચપણથી ફીલિંગ છે. બીજાઓને નહીં સમજાય, પણ મને એનામાં પરમ આનંદની પ્રાપ્તિ થઈ છે. મને પારિવારિક બંધનોમાંથી મુક્ત કરી પરણી જવા દો!

માનો કે, આ વાત સાચી ગણો તો પણ શું થાય? એને એમ કહેવું પડે કે-વેઈટ, મેઈક કેરિઅર, સ્ટડી કર, દુનિયા જોઈ લે. લાઈફમાં મેચ્યોરિટી આવે, પછી પણ એવું લાગે કે માય ચોઈસ કે માય ડિસિશન ઈઝ ફાઈનલ, ત્યારે વિચારજે.

તારી લાગણી સાચી હોય તો પણ ભવિષ્યની પસંદગીની ક્ષમતા અને એ માટેનો સમય બરાબર નથી! ડિટ્ટો બાળદીક્ષા.

કારણ કે આત્માનું ખેંચાણ અસલી છે કે કેવળ માહોલના લીધે છવાઈ ગયેલી છેલછા કે આકર્ષણ એ માપવાનો કોઈ માપદંડ નથી. ન હોઈ શકે. અધ્યાત્મ હોય કે પ્રેમ એટલે જ આ બાબતોમાં અદાલત નિર્ણયમાં દખલ ન દઈ શકે. પણ અહીં સાકરને બદલે સેકરીન નાખવાનું જોખમ ફિફ્ટી-ફિફ્ટી હોઈને એજ ઉમર જેવા કેટલાક સામાન્ય નિયમોનું પાલન કરાવી શકે.

બેઝીકલી પ્રાચીન વૈદિક ધર્મ ગણો તે હિન્દુત્વમાં બાળદીક્ષાનું ખાસ મહત્ત્વ નહોતું. કારણ કે હિન્દુ ધર્મમાં જીવન વ્યવસ્થા સંન્યાસ્થાશ્રમ કે દીક્ષા માટે નથી પણ વિદ્યામાં, જીવનના કૌશલ્યો મેળવવામાં ફોકસ્ડ રહેવા માટે છે.

સંસારના ગૃહસ્થીના ભોગ ભોગવવાની, જીવન માણવાની પૂર્વ તૈયારી પૂરી એકાગ્રતાથી થાય એ માટે છે પછી ગૃહસ્થાશ્રમ છે. પણ સીધા સંન્યાસી બની સંસારમાંથી ભાગી છૂટવાનું નથી.

ધીરે ધીરે ઉંમરના હિસાબે ચિંતનાત્મક અભિગમ અપનાવતો અનુભવનો લાભ અને હૂંફ નવી પેઢીને આપવાનો વાનપ્રસ્થાશ્રમ છે. અને છેલ્લે અર્ધી ઈન્દ્રિયો શાંત થાય એ અવસ્થાએ  બધા સંબંધો અને મોહ ખંખેરી જીવતે જીવ એક્ઝિટ કરવાની છે!

ભગવાન પોતે સ્વતંત્ર હોવા છતાં પોતાની જરૂરિયાતો એમણે સંકેલી નહોતી લીધી. પણ એ આપમેળે નષ્ટ થઈ ગઈ હતી. બાળક ફુગ્ગો પકડે ત્યારે રમકડું આપમેળે છૂટી જાય એવું જ!

જ્યારે આપણે તો લગભગ પ્રયત્નો કરી પોતાની આકાંક્ષાઓ, તુલનાઓ, પ્રાકૃતિક આવેગો સામે લડવું પડે છે. ટીનએજમાં નેચર્સ ગેઈમ ગણાતા આકર્ષણના હોર્મોન્સ અને ફિઝીકલ સ્ટ્રેન્થ બે કાંઠે વહેતી વરસાદી નદીની જેમ ઉછાળા મારે છે.

ભગવાન મહાવીરે એ જ કહ્યું છે *'બન્ધુ સહાઓ ધર્મો'.* વસ્તુનો સ્વભાવ ધર્મ છે. અમુક ઉમરે, સાહજીકપણે વાસના કે રોમાંચ પણ ધર્મ લાગે છે. (જે ધારણ કરો. તે ધર્મ-ધારયતિ ઈતિ ધર્મ)

પ્રાચીન ભારતમાં સન્યાસપથ માટે કહેવાયું છેઃ ક્ષુરસ્ય ધારી નિશિતા દૂરત્યયા! રાગ-વૈરાગ વચ્ચેનો આ સાક્ષીભાવનો (રિમેમ્બર, સંયમનો કે નિગ્રહનો નહિતર બેસ્ટ વિટનેસ, સાક્ષી ભાવનો!) માર્ગ છરીની ધાર જેટલો પાતળો અને જોખમી છે.

ભારતમાં પરંપરાગત રીતે એ માની લેવાયું છે કે વ્યક્તિ જન્મથી જ એના પૂર્વજન્મોના સંસ્કાર-કર્મો સાથે અવતરે છે. માટે બહુ નાની ઉંમરે પણ સંચિત કર્મો અનુભવોને લીધે એ વૈરાગી બની. સંન્યાસી થઈ જાય એમાં નવાઈ ન લાગવી જોઈએ.

શારીરિક, માનસિક પરિપક્વતાનો 'હોર્મોનલ' વિકાસ અહીં લાગુ પડતો નથી. નાનકડા બાળકો નૈસર્ગિક પ્રતિભાના જોરે કલાકાર, ખેલાડી કે સંશોધક બની શકે તો સાધુ અથવા સાધ્વી કેમ નહિ?

કર્મ, ગણો, જીન્સ ગણો - જે નામ આપો તે, ઘણાં બાળકોમાં અસાધારણ વિશેષતાઓ કે કોઈ ખાસ બાબત તરફનો ઝુકાવ નજરે ચડે છે, તે હકીકત છે. એ વડે ઝૂકાવ દેખાય ત્યાં તેને પ્રોત્સાહન કે તાલીમ મળે. ત્યાં સુધીની વ્યવસ્થા યોગ્ય છે. પણ, એ જ આખરી મંઝીલ માની લેવા માટે જરાક ઉતાવળ થઈ રહી હોય તેવું નથી લાગતું.

દરેક વખતે બતપણમાં જે સંભાવનાઓ દેખાય મોટા થઈને એ જ રસ, રૂચિ આવડત, લાક્ષણિકતાએ રહે જ એવું થતું નથી. સીધા દેખાતા રસ્તાઓ આગળ જતા અવનવા ગૂંચવાડાના વળાંકો લઈને ભૂલભૂલામણી રચી શકે છે.

લોજીકલી, 'ધાર્મિક અનુરાગ કે સંસાર અસાર છે' ની વૃત્તિ જ જો બાળકને, હંમેશ માટે સાધુ બનવા માટે, દીક્ષિત કરી દેવાનો 'ક્રાઈટેરિયા' હોય તો પછી કોઈ છોકરી કાચી ઉંમરે ડાન્સર, મોડેલ, એક્ટ્રેસ કે ફેશનેબલ થવા માગે એને પણ પૂરી છૂટ હોવી જોઈએ? વાત તો પુખ્ત થયા પહેલા આત્મનિર્ણયનો અધિકાર આપવાની જ છે ને?

કોઈનામાં ડ્રાઈવિંગની નેચરલ ટેલેન્ટ હોય, તો આઠ વર્ષે એને ઓફિશિયલ લાયસન્સ જ નહિ. વાહન પણ આપી દેવું જોઈએ! સવાલ પર્સનલ ચોઈસ ને માન આપવાનો હોય તો કોઈ સાધ્વી બનવા માંગે તો કોઈ હીરોઈન. એમાં તત્ત્વતઃ કોઈ સૈદ્ધાંતિક ફરક રહેતો નથી.

પ્રભુ મહાવીરનું એક અદ્દભૂત સૂત્ર છે : સિજ્ઝંતિ ચરિયભઠ્ઠા., દસણ ભઠ્ઠાણ સિજ્ઝંપિ ! અર્થાત ચરિત્ર ન હોય. પણ દશ ન હોય એ પહોંચશે પણ ચરિત્ર હોય છતાં દર્શન નથી એ નહીં પહોંચે!

ડાહ્યા હોવાથી ક્રિકેટર ન બનાય. પણ ક્રિકેટર ડાહ્યો બની શકે એવું કંઈક! નિયમોના ચુસ્ત પાલનથી નિયંત્રિત ચરિત્ર મેળવી શકાય. પણ દ્રષ્ટિનું શું? અને આ દર્શન એટલે આસક્તિ અને વિરક્તિની આરપાર પહોંચતું, હોશમાં રાખતું સમ્યક દર્શન! આચરણ પછી જ્ઞાન મળે એ કૃત્રિમ હોય પણ આત્મજ્ઞાન પછી જે આચરણ આવે એ સ્વાભાવિક હોય!

જીવનમાં મુક્તિનો માર્ગ (ધાર્મિક) આચરણથી નહિ (પ્રજ્ઞાના) જાગરણથી શરૂ થાય છે. અને સંસારથી મુક્ત નથી થવાનું, વિચારથી મુક્ત થવાનું છે. જો મન અલગારી અનાહત નાદે રંગાયેલું છે. તો પછી દીક્ષા વહેલી કે મોડી મળે શું ફરક પડે છે?

જો ખરો આધ્યાત્મિક સ્પર્શ થયો હોય પછી દોડીને દીક્ષા લેવા શું ભાગવું? ડર લાગે છે કે બીજા પ્રલોભનો કે સંજોગોથી પાછળથી વિચાર ફરી જશે? જો નહિ, તો બાળદીક્ષાની ઉતાવળ શું છે? જો હા તો.. દીક્ષા લઈને સાધુ-સાધ્વી નહિ-વિકારી જ મળવાના છે ને! સાધુ ગુણોથી બને છે (ગુણે હિ સાધુ).

આ કદાચ નિયતિ છે-પૃથ્વી પરના દરેક મહાનુભાવો ‘એનલાઈટન’ થયેલા કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, મોહમ્મદ, જીસસ જેવા ઉર્જાવાન વ્યક્તિત્વોની, અને એમની પાછળ જાતજાતના વિરોધાભાસી આચાર-વિચાર ઊભા કરીને પ્રજાને ઉલ્લુ બનાવતા રહેતા એમના સ્વાર્થી અનુયાયીઓની!


**K. Dixit**


રીયલ ડાયમંડ જ્વેલરી

**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**

**(સાંધાણ – ઘાટકોપર)**

**98204 57676**

**લગ્ન પ્રસંગ માટે લાઈટ વેઈટ રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ તથા નેકલેસનું આકર્ષક કલેક્શન**



**SUN developers** Reg.No. GUJ/RJT/66795 www.sundevlopers.co.in

**સનસીટી-૨**

**વીસમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન નં. | ઈનામ | મેમ્બરનું નામ |
|---|---|---|
| 2144 | મારૂતિ ઝેન | રાજેશકુમાર ચંદુભાઈ માકડીયા-ગોમટા |

(૨. કોમ્પ્યુટર) : 1932 (૩. હેન્ડીકેમ) : 346 (૪. ફ્રિઝ) : 613 (૫. આટા મેકર ) : 1386

**!! આશ્વાસન ઈનામો !!**

(૧ ફ્રીઝ) : 2008 (૨. ટી.વી.) : 1901 (૩. વોશીંગ મશીન) : 1939 (૪ થી ૫ ઓવન) : 601, 1220 (૬થી૧૦ ડીવીડી પ્લેયર) : 2176, 1010, 92, 712, 985
(૧૧ થી ૧૫ મિક્ચર જ્યુસર) : 1955, 1301, 1582, 993, 1349
(૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : 917, 347, 483, 521, 874, 175, 1387, 2240, 416, 2160
(૨૬ થી ૩૫ તવા સેટ ) : 441, 639, 1980, 1571, 989, 1323, 2030, 1110, 1815, 1801
(૩૬ થી ૪૫ મોબાઈલ કવર) : 487, 2002, 1385, 718, 1439, 1172, 1868, 1061, 2067, 1389
(૪૬ થી ૬૫ મિક્ચર ગ્રાઈન્ડર) : 357, 880, 402, 775, 637, 765, 1699, 531, 1277, 1145, 1909, 791, 1784, 1253, 84, 2203, 1223, 1252, 463, 1842
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર ) : 594, 240, 1881, 705, 212, 1191, 554, 47, 1704, 1402, 1642, 1401, 767, 36, 143

**૨૧મી મિટિંગ તા. ૫.૨.૧૩ના સાંજે ૪ કલાકે છે.**

ભુલચુક ક્ષમ્ય છે-આઈટમ ઓફિસેથી મેળવી લેવી.

૧૧૪, ધવલ કોમર્શિયલ, છઠ્ઠીબારી રીંગરોડ, ભુજ. મો. 99096 47953

સૌજન્ય : ભલારાદાદા એસ્ટેટ એજન્સી-ગાંધીધામ

“મહાવીર”-માટુંગા “મહાવીર”-માટુંગા “મહાવીર”-માટુંગા

**એમ્બ્રોઈડરીનો નવો સ્ટોક મહાવીરમાં**

- હાથ અને મશીનની રેશમભરતની ભારે પારસી સાડીઓ
- રેશન-જરી-સ્ટોન-પીટાવર્ક-બાદલાની ભારે તૈયાર સાડીઓ
- પારસી ભરતની કુર્તીઓ
- કસબ-બટકસબની તૈયાર સાડીઓ, ઘરચોળાની બોર્ડરો.
- બાંધણી માટે ફેન્સી બોર્ડરો
- પ્લેન તેમજ ફેન્સી ડાયબલ સાડી મટેરીયલ
- રીયલ તથા ટેસ્ટેડ ઘરચોળા
- દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટ્રેશન વર્ક, હેન્ડવર્ક તેમજ મશીનવર્ક કરી આપશું.

**ફક્ત સાચી જરીની જુની સાડીઓ-બોર્ડર અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું.**

**મહાવીર’સ એમ્બ્રોઈડરી**

મહાવીર કંપાઉન્ડ, સ્ટેશન પાસે, માટુંગા

ફોન : 2402 5070 / 6504 6030

મો. 086522 39537

website : www.mahavirembroidery.in

સાડીલાઈનના અનુભવી સેલ્સમેન જોઈએ છે. સારો પગાર મળશે.

(રવિવારે બંધ)

તા.ક. સાડી લાઈનના અનુભવી સેલ્સમેન જોઈએ છે સારો પગાર મળશે.

“મહાવીર”-માટુંગા “મહાવીર”-માટુંગા “મહાવીર”-માટુંગા

## DESTINY

Destiny is not a matter of chance, but of choice. Not something to wish for, but to attain.

***Sow a thought and you reap an act;***
***Sow an act and you reap a habit;***
***Sow a habit and you reap a character;***
***Sow a character and you reap a destiny.***

Many a times we say that... This is my destiny and now no one can change it'... Oh this is written in my fate'. (Destiny is derived from a Latin word which means "that which has been said by god"). But to this I partially disagree.

It is we who have control over what happens to us in the future. There is no destiny or fate. There is nothing that will happen for sure. We determine our future from what we do now. We make our own future from our own actions, and nothing or no one else is responsible.

For example : When we say Saina Nehwal was destined to become an ace shuttler we do not mean to say that it was god who made it possible for her but, it was her own sheer hard work, determination, discipline and the belief in her own self that has made her what she is today.

It is not the work of God or fate that she has succeeded, had she not trained; she would not have this success. She made her own fate.

"So many things shape our lives, our choices, our decisions, but in the end it is we who make our own destiny."

**- Naitik Lapsiya** Age 13 (Pune) - 02026832672

## Last Day of CA Articleship!

*It was a journey memorable..*
*Where I learnt lessons innumerable..*
*Made many new friends..*
*Who helped me distress...*
*There were laugh, there were tears*
*But these were the most challenging years*
*It has helped me grow as a person...*
*Though even friends were a reason...*
*Here I made the best of friends...*
*Different age groups, even different friends...*
*Made many mistakes...*
*through which lessons I take...*
*There was so much to learn from the seniors...*
*And more to pass on to the juniors...*
*College life I hardly had*
*But conference days made up for that*
*All the partners different & unique...*
*Each manager had something new to teach...*
*I will miss this all & so much more...*
*I had times both sweet & sour*
*Memories memories they will remain with me*
*New beginning from now it will be*
*Thankyou all for all the love & support*
*Glad I met you all in time so short*

**- Mitali P. Dharmshi** (Bangalore)

## કાવ્ય-પ્રકાશ : કૂલઝરીયું

*કેર ચેતો સંગ તેડો રંગ?*
*માડુ શિયાળ ભેરો નતો રે છતાં લોચો થેઈ વેનેતો,*
*માડુ વાઘ ભેરો નતો રે છતાં ક્રૂર થેઈ વેનેતો,*
*માડુ કોતે (કૂતરો) ભેરો રેતો છતાં વફાદાર નતો થેઈ વેને.*

*અંઈ ચેંધામેં રોંધા ત મોંતેં અચીંધા પીમ્પલ્સ*
*અંઈ રુંધે રોંધા ન મોંતે અચીંધા રીંકલ્સ*
*ત પાં હંમેશાં ખેલંધા રોં ત ગાલ તેં અચીંધા ડીમ્પલ્સ*
*ત પાં ખેલંધા રોં, ખેલાઈધાં રો ત પાંજી જિંદગી ભનધી સીમ્પલ.*

*ભગવાન મુંકે ખપ્યો તે સે મુંકે ન ડેને,*
*પણ જરૂરિયાત વેઈ એનથી મુંકે વધારે ડેને.*

*ચોપ રેઈને સહન કરેજી આધત પેઈ વેઈ આય.*
*ભગવાન જેડી જિંદગી ડેને તેડી જીવેજી આધત થેઈ વેઈ આય.*

*સવાર થીએને મેડે ધોડેલા મંઢીએ.*
*મુંકે પણ ધોડેજી આધત થેઈ વેઈ આય.*

*હેકડો ડીં આંગરી પકડેને પા-પા પગલી કંઈધો હો,*
*હાણે વડે વડપણ મેં લકડી ખણેંજી આધત થેઈ વેઈ આય.*

*શંકર ભગવાન હેકડીવાર ગલે મેં ઝેર ઓતારે પી વેઆ વા.*
*મું કે ત રોજરોજ ઝેર પીને પચાયજી આધત પેઈ વેઈ આય.!*

**- શાહ મધુકાંત વિશનજી** (ઘાટકોપર)


**SUN developers** Reg.No. GUJ/RJT/66795 www.sundevlopers.co.in

**સનસીટી-૩**

**૧૪મી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન નં. | ઈનામ | મેમ્બરનું નામ |
|---|---|---|
| 378 | હોન્ડા સીટી ડોન | સુરેશકુમાર જમનાદાસ સુતરીયા |

(૨. કોમ્પ્યુટર) : 1198 (૩. હેન્ડીકેમ) : 1946 (૪. ફ્રિઝ) : 1823
(૫. આટા મેકર ) : 521

**!! આશ્વાસન ઈનામો !!**

(૧. ફ્રીઝ) : 1593, (૨. ટી.વી.) : 2019, (૩. વોશીંગ મશીન) : 1403, (૪ થી ૫ ઓવન)) : 353, 891
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : 133, 100, 2014, 1913, 1704
(૧૧ થી ૧૫ મિક્ચર જ્યુસર) : 1275, 1359, 619, 1228, 1875
(૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : 1190, 1032, 1436, 1752, 1834, 901, 1490, 375, 1807, 118
(૨૬ થી ૩૫ તવા સેટ ) : 846, 152, 532, 1181, 1101, 957, 711, 799, 1317, 652
(૩૬ થી ૪૫ મોબાઈલ કવર) : 174, 1617, 1456, 116, 397, 464, 296, 790, 629, 1243
(૪૬ થી ૬૫ મિક્ચર ગ્રાઈન્ડર) : 573, 719, 1830, 260, 785, 844, 1526, 1216, 1120, 1319, 318, 1896, 15, 447, 986, 2049, 1489, 1374, 1167, 903
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર ) : 84, 1585, 1588, 486, 1696, 1428, 720, 1687, 1878, 1626, 1114, 1688, 588, 1420, 435

**પંદરમી મિટિંગ તા. ૧૪.૨.૧૩ ના રાખેલ છે**
ભુલચુક ક્ષમ્ય છે-આઈટમ ઓફિસેથી મેળવી લેવી.

૧૧૪, ધવલ કોમર્શિયલ, છઠ્ઠીબારી રીંગરોડ, ભુજ. મો. 99096 47953
સૌજન્ય : ભલારાદાદા એસ્ટેટ એજન્સી-ગાંધીધામ

# જ્ઞાતિ મુખપત્રો વિષે જ્ઞાતિજનોના વિચારો

-પ્રવીણ ધરમશી (સુરત)

'પ્રકાશ સમીક્ષા'માં લેખો રજૂ થતા રહે છે. તેના ફળસ્વરૂપે મને ઘણાં જ્ઞાતિજનોએ ફોન કરીને મને અભિનંદન આપવાની સાથે-સાથે જ્ઞાતિ અને મુખપત્રો બાબતે ચર્ચા કરી. તેથી સૌ પ્રથમ તો હું 'પ્રકાશ સમીક્ષા' દ્વારા મિત્ર બન્યા એ સૌ જ્ઞાતિજનોનો 'પ્રકાશ સમીક્ષા'ના માધ્યમ દ્વારા આભાર વ્યક્ત કરું છું. આ સૌ જ્ઞાતિજનો મારી સાથે જે તેમના વિચારો, અભિપ્રાય કે આક્રોશ વ્યક્ત કર્યો તે સંક્ષિપ્તમાં રજૂ કરું છું.

❑ જ્ઞાતિની દેખાતી જાહોજલાલી ઉપરછલ્લી છે. આજે પણ જ્ઞાતિમાં ઘણાં એવા પરિવારો છે જેઓ ઝુંપડપટ્ટી કે અનુચિત વિસ્તારમાં રહે છે. આવા જ્ઞાતિજનોને રહેઠાણ આપવાની યોજનાને સાધન સંપન્ન જ્ઞાતિજનો જે તેમના મકાન નવા કરવાની યોજના જેટલી જ પ્રાથમિકતા કે અગ્રિમતા આપવી જરૂરી છે.

❑ જ્ઞાતિની સંસ્થાઓ 'વડીલશાહી' પદ્ધતિથી ચાલે છે જેમાં સાધન સંપન્ન લોકોની એક ટોળકી (ટીમ નહીં) પોતાના મન વિચારો પ્રમાણે કાર્ય કરે છે? કેટલીક સંસ્થાઓમાં તો ૨૫ વર્ષ કરતાં પણ વધારે સમયથી આવા કહેવાતા આગેવાનો ટકી રહ્યા છે જેના પરિણામે તેમના પુત્રો, પુત્રવધુઓ અને ત્યાં સુધી કે તેમના પૌત્ર કે પૌત્રીઓ એમ જ માનવા લાગે છે કે આ તો અમારી પોતાની વ્યક્તિગત (પ્રાઈવેટ) પેઢી છે તેથી નવા વિચાર કે કોઈ નવી પ્રણાલી કરવામાં કે કોઈ યુવાન, ભણેલા કે થોડા આધુનિક વિચારવાળા જ્ઞાતિજનને આગળ આવવામાં ઘણો સંઘર્ષ કરવો પડે છે. કેટલાક કોશીષ કરે છે કે આવા લોકો આગળ ન આવે.

❑ જ્ઞાતિના મુખપત્રોમાં માત્ર ગણ્યાગાંઠ્યા લોકોના જ લેખ કે ચર્ચાપત્રોને સ્થાન મળે છે. નવા અને ઉગતા લેખકોને પ્રોત્સાહન નથી મળતું. કોઈકવાર લેખ છાપે તો પણ એટલું બધું 'એડીટ' કરીને કે મૂળ લેખની વેધકતા કે વિચારો અને આક્રોશ આ લેખમાં પ્રગટ થતા નથી.

❑ જ્ઞાતિના મુખપત્રો માત્ર ગણ્યા ગાંઠ્યા અને પૈસાદાર કે ઉચ્ચ હોદ્દા પર બેઠેલા લોકોના જ ગુણગાન ગાતા સમાચારો રંગીન ફોટા સાથે પ્રગટ કરે છે. સામાન્ય લોકોએ તો સગપણ, જન્મ, મરણ, લગ્ન, છુટાછેડા કે સરનામાના ફેરફાર જેવી માહિતીથી જ સંતોષ માનવો રહ્યો. જ્ઞાતિ મુખપત્રો માત્ર મર્યાદિત લોકોનું જ પ્રતિનિધિત્વ કરે છે.

❑ જ્ઞાતિના કેટલાક આગેવાનો કે સંસ્થાઓ મોટી મોટી 'સ્કીમ' રજૂ કરે છે અને તે માટે પૈસા પણ ઉઘરાવે છે. પછી ન તો તે 'સ્કીમ' આગળ વધે છે કે ન તો પૈસાનો હિસાબ મળે છે. જે વ્યક્તિ પૈસા ઉઘરાવવા આવે છે તેને આ બાબત પૂછતાં અકળાઈ જાય છે અને ઉધ્ધત જવાબો આપે છે. જે વ્યક્તિ પૈસા ઉઘરાવવામાં આગળ રહે છે તેને સંસ્થા કે જે હેતુસર પૈસા ઉઘરાવેલા હોય તે બાબત પૂછતાં વ્યક્તિગત બાબત તરીકે લઈને નારાજ થઈ જાય છે. નાણાંકીય વહેવારોમાં પારદર્શકતા નથી હોતી.

❑ પોતાની વ્યક્તિગત પ્રસિદ્ધિ માટે સંસ્થાના ખર્ચે, (કેટલીક વાર તો જ્ઞાતિની સંસ્થા હોવાથી નિઃશુલ્ક) રંગીન ફોટાઓ અને પોતાની કે પોતાના લાગતા વળગતાઓની પ્રશંસા કરતા સંસ્થા અહેવાલ જ્ઞાતિના મુખપત્રોમાં છપાવનાર આગેવાનો સંસ્થાના નાણાંકિય હિસાબો સાદી રીતે છપાવવા કે સ્થાનિક જ્ઞાતિજનોને આપવા ઉત્સાહિત નથી હોતા. કેટલીક સંસ્થામાં દાન પણ કરે છે પણ હસ્તે ફલાણા ફલાણા લખાવવાની ખાસ સુચના સાથે!

❑ સામાન્ય જ્ઞાતિજનોએ તો આગેવાનો કહે તેટલા પૈસાનો ફાળો લખાવવાનો, તેમના કાર્યક્રમોમાં હાજરી આપવી અને તાળીઓ વગાડવી આટલો જ ભાગ ભજવવાનો. ફાળાના ધારા ધોરણો કે કયા પ્રમાણમાં આ કાર્યક્રમો કરવા કે કેવા કાર્યક્રમો કરવા તે બાબત એમને કોઈ પ્રશ્ન જ નહીં કરવાનો. પૈસા (સંસ્થાના) કેવી રીતે ખર્ચવા તે મનસ્વી રીતે નક્કી કરવામાં આવે છે. વધારે પૂછતા ધાકધમકી આપવાનું પણ એ નેતાઓ ટાળતા નથી.

❑ જ્ઞાતિના આગેવાનો મોટાભાગે પૈસાદાર કે વગદાર લોકો સાથે જ સંપર્ક રાખે છે. સામાન્ય જ્ઞાતિજનને તો ત્યારે જ મળે જ્યારે તેમને ફંડ ફાળો જોઈતો હોય કે કોઈ સવિશેષ કાર્યક્રમમાં તેમની હાજરીની જરૂર હોય. જેથી બહારગામથી પધારેલા મહેમાનોને એમના પ્રભાવનો ખ્યાલ આવી શકે.

એકાદ બે જ્ઞાતિજનોએ કહ્યું કે "પ્રવિણભાઈ, 'પ્રકાશ સમીક્ષા'ની સારી બાજુઓને ઉજાગર કરતો તમારો લેખ ગમ્યો, પણ 'પ્રકાશ સમીક્ષા'ની કોઈ નબળી બાબત પણ રજૂ કરશો." 'પ્રકાશ સમીક્ષા'ની નબળી બાજુઓ વિશે ફરી ક્યારેક લખીશ પણ મોટા ભાગના જ્ઞાતિજનોના વિચારો મેં ઉપર જણાવ્યા પ્રમાણે રજૂ કરેલ છે.

હવે મારા વ્યક્તિગત વિચારો રજૂ કરું છું. કોઈ પણ સંસ્થા ઊભી કરવી. તેને સક્ષમ બનાવવાથી અને ચલાવી એ આસાન કામ નથી તેથી મોટા ભાગે જે લોકો આવી સંસ્થા ઊભી કરે છે તેમના માટે તે સંસ્થા તેની માનસ સંતાન જેવી હોય છે. એટલે તેનો મોહ છુટે નહીં તે સ્વભાવિક છે આ વલણ માત્ર જ્ઞાતિની નહીં પણ અન્ય સંસ્થાઓ કે રાજકીય પક્ષોમાં પણ જોવા મળે છે. ત્યાં સુધી કે રમત જેમાં ખેલદિલી એ મુખ્ય ભાવના હોય છે તેમાં સચીન જેવા રમતના માંધાતા પણ છેલ્લે ખુબ જ ખરાબ પ્રદર્શન પછી પણ 'રીટાયરમેન્ટ' લેવા માટે અચકાય છે. તેથી એક હિત જ્ઞાતિહિત કરતાં વધારે

દેખાય તો વિરોધ કરવો રહ્યો. તે ઉપરાંત કેટલીકવાર જે સ્થાન ઉપર કામ કરતા હોય તે સ્થાનના માનમરતબા સાથે એની મર્યાદાઓ પણ હોય છે જેના કારણે વ્યક્તિગત વિચાર પ્રમાણે નહીં પણ તે સ્થાનની જરૂરિયાત પ્રમાણે પણ વર્તન કરવાની આવશ્યકતા હોય છે. પ્રધાનમંત્રી જેવા ઉચ્ચતમ સ્થાન પર બિરાજતા મનમોહન સિંહ વિશે લોકશાહીમાં લોકો ગમે તેવી વાતો લખે કે બોલે પણ શ્રી મનમોહનસિંહ એક પ્રધાનમંત્રી તરીકે તે જ ભાષામાં વાત ન કરી શકે. નેતાગીરીની આ મુખ્ય આચરણ નીતી છે.

અન્ય વાત છે કે જ્ઞાતિના મુખપત્રો બહુ જ 'એડીટ' કરે છે. 'એડીટર' નું કામ જ 'એડીટ કરવાનું હોય છે નહીં કે વિસ્તાર કરવાનું. મોટાભાગના જ્ઞાતિના મુખપત્રોમાં લખનારા નિયમિત લેખક નથી હોતા તેથી તેમના લેખને તેમના વિચારો યથાવત રાખીને 'એડીટ' કરવાની 'એડીટર' ની જવાબદારી અને મુખ્ય કામ છે. આપણા 'પ્રકાશ સમીક્ષા'ના 'એડીટર' શ્રી રાયચંદભાઈ તો પોતાના નામને પણ 'એડીટ' કરે છે અને જ્યારે પણ તેઓશ્રી તંત્રીલેખ લખે ત્યારે અંતમાં માત્ર 'રા' જ લખે!! આ તો થઈ આ લેખની હળવી બાજુ.

***(તંત્રી નોંધ :** લેખકને મળેલા પ્રતિભાવોમાંથી અનેક મંતવ્ય/અભિપ્રાય ગેરસમજણ, પૂર્વગ્રહ કે સાચી હકીકતની માહિતીના અભાવે વ્યક્ત થયા છે તેટલું જ કહેવું પૂરતું છે. તે સાથે એ પણ ઉમેરવું જરૂરી છે કે લેખકોએ મોકલેલ લેખોમાં અનુપયુક્ત ભાષામાં કરાયેલ ટીકાઓ, સત્ય હકીકતથી વિપરીત રજુઆત, સંબંધિત સંસ્થા/મહાજન/ટ્રસ્ટને લગતી પ્રવૃત્તિઓ વિષે તેમના કાર્યક્ષેત્રે/ઉદ્દેશો સિવાયના મુદ્દે કરાયેલા સૂચનો વિગેરે કારણોસર તંત્રીએ લેખો એડીટ (કાપકુપ કે સંપૂર્ણ અસ્વીકાર) કરવા પડે છે. તેમાંયે જ્ઞાતિપત્રના (અને તે પણ સાપ્તાહિકના) તંત્રીને જ્ઞાતિની વિવિધ ગતિવિધિઓની ઘણીબધી માહિતી હોય છે તેમણે જ્ઞાતિજનો/વાચકોનો જ્ઞાતિપ્રવાહ/પ્રવૃત્તિઓની સમયસર માહિતી મેળવવાના અધિકારને સર્વાધિક પ્રાથમિકતા આપવા ઉપરાંત લેખો/ચર્ચાપત્રોની પસંદગી કરવા બાબતે કે તેમના અમુક અંશો અપ્રસ્તુત કે ગેરરજુઆત સ્વરૂપના હોતા કે અધુરી-પધુરી માહિતી પર આધારિત હોતાં તેને, જ્ઞાતિમાં પ્રવર્તીત સમગ્રતયા સંજોગોમાં અને વિસ્તૃત ફલક પર સંતુલિત દૃષ્ટિકોણ જાળવી સંપૂર્ણ લેખને પ્રગટ કરવાની કે એડીટ કરવાની વિશેષ જવાબદારી નિભાવવાની હોય છે. આને લીધે લેખકો અસંતોષ કે અન્યાય થવાની લાગણી અનુભવતા હોય છે પરંતુ તેવા પ્રતિભાવોને ઝાઝું મહત્ત્વ આપી શકાય નહીં કે તંત્રીએ તેનાથી પ્રભાવિત થવાની પણ જરૂર નથી.)*



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ" ની અમૃતવાણી... (૨૦)

**- સોમ ધરમશી** (કચ્છ)

***સમરથ મેં સમતા ઘણેં કાયર મેં કિકરાટ***
***'તેજ' તવો તપે તંય કીં ન કુછે, ચિલા કરીં છુછડાટ***

**શબ્દાર્થ :** સમરથ = સમર્થ, બળવાન, શક્તિમાન. સમતા = શાંતિ, સમત્વ, માધ્યસ્થભાવ. કિંકરાટ = કકળાટ, કજિયો, કલેશ, રડારોળ. તવો = તાવડી, ચિલા = ઘઉંલોટ કે મગદાળની વાનગી

કવિશ્રી તેજનાં કેટલાંક દોહાઓ, સંત કબીરનાં દોહા સાથે સરખાવી શકાય. બન્ને કવિઓ સરસ મજાની ઉપમાઓ આપી અઘરી અધ્યાત્મની વાતોને રૂપકો દ્વારા ભાષામાં એવો સુંદર શણગાર સજે છે કે પંક્તિઓમાં રહેલો ગહન વિચાર હૃદય સોંસરો સરળતાથી ઉતરી જાય છે.

કવિ સમાજમાં વસતા સમર્થ અને કાયરો વચ્ચેનો ભેદ અલંકારિક ભાષામાં સગડી ઉપર મુકાતો તવો અને તૈયાર કરાતા ચિલાના રૂપક દ્વારા સમજાવ્યું છે કે સમર્થ માણસ તવા જેવો હોય છે જે વિષમ પરિસ્થિતિમાં લાલઘુમ તપી જાય પણ પોતાની ધીરજ, સમતા કદિ છોડતો નથી કે ફરીયાદ કરતો નથી.

બીજી બાજુ કાયર લોકોની સરખામણી તવા ઉપર બનતા ચિલા સાથે કરી છે. ગરમ ગરમ તવા ઉપર ચિલો રાંધતાં તે છુછડાટ (એક પ્રકારનો અવાજ) કરે છે. તેમ કાયરો પરિસ્થિતિનો ધૈર્યપૂર્વક સામનો કરવાનાં બદલે "ખાલી ચણો વાગે ઘણો" ની માફક પોતાને પડતી તકલીફો, દુઃખો માટે હંમેશા કકડાટ જ કરતા હોય છે.

કવિ સમર્થ અને કાયરની વ્યાખ્યા આગવી ભાષામાં આપ્યા પછી જીવનમાં સમર્થ બનાવા તરફ મોઘમ ઈશારો કરે છે.

કવિયત્રી ગંગાસતીની અદ્દ્‌ભૂત કાવ્ય રચના કવિના સંદેશાને ભજનગંગામાં વહેવડાવતાં દુઃખ દર્દમાં પણ અડગ રહેવા અને ચલાયમાન ન થવા શીખ આપે છે.

ગંગાસતીની એ અનુપમ રચનાનો આસ્વાદ લેતાં લેતાં ઉંડું મનોમંથન કરી કવિના આ મરમના મોતીને જીવનમાં ટાંકી તેને સુંદર બનાવીએ.

***"મેરુ રે ડગે ને, જેનાં મન નો ડગે***
***મરને ભાંગી રે પડે ભરમાંડ રે***
***વિપદ પડે પણ વણસે નહિં,***
***ઈ તો હરિજનનાં પરમાણ રે..."***

(ગંગાસતી ૧૮મી સદીનાં ઉત્તરાર્ધમાં થયા અને મોટા ભાગનાં પદો "પાનબાઈ" ને સંબોધીને લખ્યાં છે. કચ્છ સૌરાષ્ટ્રનાં ગામે ગામે યોજાતા ભજન કે ડાયરામાં સાંભળવા મળે અને ગમે તેવા પદો છે.)

॥ નમામિ જ્ઞાતિમૈયે ॥

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

કાર્યાલય : C/o. સેક્રેટરી જનરલ, ૧૯-૨૦, મોનાણી સદન, નેહરૂ રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૮૦

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-વડોદરાના ઉપક્રમે**

**જાણીએ મહાજન પરંપરા... દશાઈ અસ્મિતા**

# K.D.O. BUD's

**એક દિવસીય જ્ઞાન સંસ્કરણ શિબિર**

## વડોદરામાં રવિ. તા. ૩.૨.૧૩ સવારે ૧૦ થી સાંજે ૪

સ્થળ : **શ્રી. ક.દ.ઓ. સમાજ ભવન, વિમલનાથ દેરાસર પાસે, ક.દ.ઓ. નગર (સરસ્વતી નગર) હરણી-વારસીયા રોડ, વડોદરા.**

અર્થ સહયોગી : **શ્રી નીશિથ દંડ** (તેરા-વડોદરા)

પ્રોગ્રામ ડીઝાઈનીંગ : **શ્રી નીશિથ દંડ, શ્રી કેવલ વિકમશી,** અને **શ્રી કમલેશ લાપશીયા** (મુલુંડ)

પ્રોગ્રામ કોઓર્ડિનેટર : **શ્રી પ્રવીણ લોડાયા (વડોદરા)**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : **શ્રી ધનજીભાઈ છેડા**

ફોન : 09327037879 - (0265)-2531700

પ્રવેશ ફી રૂા. ૧૦૦/- (જે શિબિરના અંતે રીફંડ અપાશે).

શિબિરમાં ઈનામી ક્વીઝ અને  પ્રશ્નોતરી રહેશે.

ભાગ લેનારા સૌએ ૯.૩૦ વાગ્યા સુધી આવી જવાનું રહેશે.

બપોરે લંચ અને ૪ વાગે હાઈ ટીની વ્યવસ્થા છે.

**વાપીથી અમદાવાદ સુધીના સૌને જોડાવવા આમંત્રણ છે**

# શિબિરની આછી રૂપરેખા

સાથે મળી કરશું... પુજા, ભણાવશું... ભાવના... થશે ચૈત્યવંદન અને ગુરૂવંદન

આજકાલ દરેક ઘરમાં બાળકોને (KDO BUD's) આ સવાલો મુંઝવ્યા કરે છે. દા.ત. દેરાસર એટલે શું? નવકારમંત્ર કેમ ગણવાનો? પર્યુષણ પર્વમાં કેમ ભાગ લેવો? કેડીઓ એટલે શું? કેડીઓ હોવાથી આપણે કેવી રીતે મહાન બની શકીએ? કેડીઓનો ઈતિહાસ શું? હું શા માટે કેડીઓ ભવન અથવા મહાજનવાડીમાં જાઉં? વિગેરે વિગેરે.

કેટલાક પુછે છે, કેટલાક જવાબો મેળવે છે. કેટલાક પોતાના વડીલો, સગાસંબંધીઓ કે મિત્રો પાસેથી જવાબ મેળવે છે. કેટલાક ફક્ત આશ્ચર્ય બતાવીને શાંત રહે છે.

એટલા માટે જ (KDO BUD's) માટે એક દિવસના વર્કશોપનું વડોદરામાં આયોજન કર્યું છે. આ એક ધિવસના વર્કશોપથી આપણાં બાળકોને મુંઝવતા સવાલોનો ઘણા અંશે ઉકેલ આવશે અને ધર્મ, જ્ઞાતિ તેમજ સંઘભાવનાની સમજ કેળવાશે.

છેવટે આપણે બધા ઈચ્છીએ છીએ કે આપણી આવનારી નવી પેઢી આ બધું જાણે અને આપણી પરંપરાઓ નિભાવે, એટલે આ વર્કશોપ દ્વારા આપણી સંસ્કૃતિનો પાયો મજબુત કરવાના આ પ્રયત્નો છે.

આપણે બધા જાણીએ છીએ કે વિશ્વમાં શાંતિ ત્યારે જ સ્થપાય જ્યારે એમાં રહેતી દરેક કમ્યુનિટી પોતાનું યોગદાન બરાબર રીતે આપે. આપણી જ્ઞાતિને ફાયદો એ છે કે આપણે બધા એકબીજા સાથે મજબુત રીતે ગુંથાયેલા છીએ. એટલે વિશ્વને યોગદાન આપવા.

આજે જ્યારે આંતરજ્ઞાતિય સગપણો, છુટાછેડા, પારિવારિક વાદવિવાદ અને સુસંસ્કૃત વિચારધારા પ્રસરી રહે છે અને પારિવારિક મિઠાશના સ્થઆને કડવાશ વધતી જાય છે. ત્યારે સમાજમાં કુટુંબ ભાવના, જ્ઞાતિદાઝ, પ્રેમ વિનય-વિવેક સાથે ધર્મભાવનાની સૌરભ ફેલાવી પાયાથી સંસ્કારિતાનું ઘડતર કરીએ. આજની આ નાનકડી પગલી આવતીકાલના વિશાળ રાજમાર્ગનું વિરાટ કદમ છીનશે એવી આશા છે.

આપણે કેડીઓ તરીકે અભિમાન લઈ શકીએ કે આપણા પ્રતાપી પૂર્વજોએ દરેક ક્ષેત્રે આગળ પડતો ભાગ લઈને આપણી જ્ઞાતિનો પાયો મજબુત કરીને આપણને સોંપ્યો છે. અને 'મહાજન' જેવી મહાન સંસ્થા સ્થાપીને આપણને એક છત્રે કેન્દ્રિત કર્યા છે. આપણી મહાન સંસ્કૃતિમાં હજારથી બે હજાર વર્ષ જુના દેરાસરો ઊભા છે. તે ઉપરાંત જેને 'સોને પે સુહાગા' કહીએ એવું વસતીપત્રક એ આપણી મોટી ઉપલબ્ધિ છે.

આપણી આજુબાજુ નજર કરીએ તો આપણી જ્ઞાતિ ખરેખર અનુપમ અને અદ્વિતિય છે. ઘણી ખરી જ્ઞાતિઓને પૂર્વજો તરફથી આવી ધરોહર મળી નથી. આપણને ગર્વ છે કે પૂર્વજો તરફથી વારસમાં આપણને આ જ્ઞાતિ મળી છે. એકવીસમી સદીમાં જીવનમાં ઘણી કસોટીઓ આવવાની છે ત્યારે આપણી પરંપરાને આપણી સંસ્કૃતિને જાળવી રાખવી એ આપણી ફરજ છે.

એટલા માટે જ 'કેડીઓ બડ્સ' માટે એક દિવસની એક અનોખી વર્કશોપ રાખવામાં આવી છે. આ વર્કશોપમાં પરસ્પર વ્યવહાર, નવા ફેરફારો સાથેની સ્થાપિત પ્રણાધિકાઓને નાટક તેમજ અભ્યાસથી રમતા રમતા શિખવાડવામાં આવશે. આવો, શિબિર વર્કશોપને જબરદસ્ત સફળ બનાવીએ.

**- નિશિથ દંડ** (ટ્રસ્ટી : સમસ્ત મહાજન)

અપનાવીએ... હકારાત્મક, રચનાત્મક મુલ્યવૃદ્ધિવાળું અભિગમ

**જ્ઞાતિના ૮મા વસ્તીપત્રકના ફોર્મ મોકલાવવાના બાકી હોય તો ઝડપથી મોકલાવી સહયોગ આપવા અનુરોધ છે.**




## દવાઓના બેફામ ઉપયોગ ટાળીએ

દરદીઓ લાંબી અને મોટી બીમારીમાં સ્પેશીયાલીસ્ટ ડૉક્ટરની ટ્રીટમેન્ટ લે છે. કન્સલટીંગ બાદ કેટલાક (મર્યાદિત સમય) પીરીયડ માટે દવા લેવાની હોય છે. એટલા સમય પુરતી દવા લીધા બાદ ફરી કન્સલટીંગ કર્યા બાદ જ અગાઉ લેવાયેલી દવાની માત્રા બદલવી પડે અને માંદગીમાં થતા ફેરફાર અનુસાર દવા બદલવી પડે છે, જે એ જ કન્સલટન્ટ પાસે જ બીજી મુલાકાત લેતાં જ જાણી શકાય છે.

આજકાલ દરદીઓ એ કન્સલટન્ટ પાસે બીજીવાર જવાનું ટાળી માંદગી ચાલુ હોય તો એ જ દવાના કોર્સ ચાલુ રાખે છે અને બજારમાંથી કે અન્યત્ર વિનામુલ્યે મળતી દવાઓની સંસ્થાની મુલાકાત લઈ એ જ દવાઓ ચાલુ રાખે છે કે તેનો આગ્રહ રાખે છે, જે આરોગ્યને સરવાળે નુકશાનકારક છે.

શરીરમાં અનાવશ્યક દવાઓ નાંખી, કેમીકલ્સ નાંખી આપણે અન્ય માંદગીને નોતરી તો નથી રહ્યા ને? તેનો ખ્યાલ રાખવો જ રહ્યો.

**મુલુંડ, ૧૮.૧.૧૩ -કુલીનકાંત ચાંપશી લુઠીયા**

## મુંબઈ મહાજનની યાત્રા

મુંબઈ મહાજનશ્રી આયોજીત કેરાલા-તામીલનાડુ યાત્રા પ્રવાસમાં હું સજોડે ગયો હતો. ઔરંગાબાદ નિવાસી શ્રીમતી કાશ્મીરા વિનોદ લોડાયા એ પ્રકાશ સમીક્ષામાં લખેલ યાત્રા પ્રવાસનો અહેવાલ અમારી યાત્રાળુઓની શારીરિક અને માનસિક વ્યથાને સચોટ વાચા આપેલ છે. શ્રીમતી કાશ્મીરાબેનને હાર્દિક અભિનંદન.

આશા છે કે મહાજનશ્રી બીજી યાત્રામાં આવી ઉડીને આંખે વળગે એવી ભુલોનું પુનરાવર્તન ન થાય એનું ખાસ ધ્યાન રાખી મહાજનશ્રીનું ગૌરવ વધારશે.

**ભાંડુપ, ૧૭.૧.૧૩ - લહેરચંદ ઉમરશી નાગડા**

## શું સામાન્ય જ્ઞાતિજન જ્ઞાતિથી વિમુખ થઈ રહ્યો છે?

'પ્રકાશ સમીક્ષા'માં ઉપરોક્ત શીર્ષક હેઠળ ભાઈશ્રી પ્રવિણચંદ ધરમશી (સુરત)નો લેખ વાંચ્યો.

આ એક સાચી હકીકત છે કે આપણી જ્ઞાતિના સામાન્ય અને વિશેષ બહુમુખી પ્રતિભા ધરાવતા જ્ઞાતિજન પણ જ્ઞાતિથી વિમુખ થઈ રહ્યા છે. આ વાતનું મુખ્ય કારણ છે આપણી જ્ઞાતિની "ટંગાખેચ" "ટાંટિયા ખેંચ" પ્રથા. જ્યાં સુધી આપણે આ વિચારથી ઉપર નહી ઉઠીએ ત્યાં સુધી આવું ચાલવાનું જ છે. થોડા વરસો પછી આપણા પૌત્ર-પૌત્રી, દોહિત્ર-દોહિત્રી આપણી જ્ઞાતિને ઓળખશે કે નહીં એ એક મોટો પ્રશ્ન છે.

અહંકાર અને નામ માટે પોતે કાંઈ કરતા નથી, જે કરે છે એને કરવા દેતા નથી. સમસ્ત મહાજને સમસ્ત જ્ઞાતિ માટે, બધા મહાજનો માટે સરખા નિયમ બનાવવા જોઈએ.

જ્ઞાતિના ૭૫% યુવક-યુવતી જે વધુ ભણેલા છે, સારી નોકરીમાં છે, ઉચ્ચ પદ પર છે. તેઓ જ્ઞાતિ પ્રતિ નીરસ ભાવ ધરાવે છે. ઘણા લોકો એવા પણ છે જેઓ જ્ઞાતિને માન આપતા નથી. ગામમાં રહેવા છતાં પોતાના ઘરમાં કોઈ કાર્યક્રમ હોય તો બહારગામથી સગાંઓને બોલાવે, પણ સ્થાનિકથી ઓછાને બોલાવે. આ કારણસર મન-ભેદ, મત-ભેદ ઉત્પન્ન થાય અને જ્ઞાતિના લોકો જ્ઞાતિથી દૂર થતા જાય. નાનપણથી જોઉ છું કે આપણી જ્ઞાતિમાં કોઈ લગ્ન પ્રસંગ હોય તો ગામના બધા જ જ્ઞાતિજનોને નિમંત્રણ આપવામાં આવે છે. જ્ઞાતિના લોકો વધુ અને બહારના લોકો ઓછા રહેતા. હવે બહારના લોકો વધુ અને જ્ઞાતિના લોકો ઓછા હોય. આજના યુગની સાચી હકીકત છે કે આપણને ક્યારે કષ્ટ હોય, અડચણ હોય ત્યારે મિત્ર એક ફોન ઉપર દોડીને આવે પણ જ્ઞાતિજન કદાચિત જ આવે.

વસતિપત્રક પહેલાના યુગની આવશ્યકતા હતી. આજે કેટલા લોકો એને વાંચશે? એનો ઉપયોગ લેશે?

જ્ઞાતિમાં સાક્ષરતાનું પ્રમાણ ભલે વધુ છે પણ ઘણાં લોકોને ગુજરાતી વાંચતા જ નથી આવડતું તો એ લોકોને શું ખબર કે જ્ઞાતિમાં શું થાય છે? પ્ર.સ. પણ નહીં વાંચતા હોય.

'ચર્ચાને ચોતરે' અને 'ઝુકી તો જવાયને' એમાં આંગળી ઉપર મોજી શકાય એટલા જ લોકોના વિચાર વ્યક્ત થાય છે. કવિતા અને લેખ આંગળી ઉપર મોજી શકાય એટલા જ લોકો લખે છે, ફરી ફરીને એજ ગણેલા નામ જ વાંચવા મળે છે.

મહિલા મંચ, યુવા મંચ, મહાજન બધા સાથે મળીને રહે, સાથે કામ કરે. એક-બીજાને ઓળખે, સમજે તો જ્ઞાતિ પ્રતિ રુચી વધે.

મહાજન મજબુત હોવા જોઈએ જે બધાને એક-છત્ર નીચે લાવી શકે. લોકોના મન-ભેદ, મત-ભેદ દુર કરી શકે.

આંતરજ્ઞાતિય લગ્નો વધવાથી જ્ઞાતિ પ્રત્યેની રસ-રૂચી સ્વભાવિક ઓછી થતી અનુભવાય છે. નવી પેઢીને

સમાજના કાર્યક્રમોમાં રસ નથી એટલે હાજરી પાંખી રહે છે. મહિલામંચોમાં પણ બહેનો-સભ્યો કોઈને કોઈ બહાને ગેરહાજર રહે છે. કાર્યકરોને આમ સભ્યો તરફથી પ્રોત્સાહક પ્રેરકબળ મળતું ન હોવાથી નિરસતા નિષ્ક્રિયતા વધતી જોવા મળે છે. છેવટે સમાજથી સમાજનો આમમાણસ દુર થતો જાય છે.

**- એક જ્ઞાતિજન (દેશાવળ)**

## 'પ્રકાશ-સમીક્ષા'

'પ્રકાશ સમીક્ષા'ના બદલાયેલા રૂપરંગ વિષે સૌ. ખમાબેનનો પ્રતિભાવ વાંચ્યો. 'પ્ર.સ. ધનાઢ્ય લોકોનું મેગેઝીન બની ગયું છે? એવો પ્રતિભાવ તદ્દન અસ્થાને છે. મુખપૃષ્ઠ પર કાર્યક્રમની ઝલક છાપવામાં આવે છે, વિવિધ વ્યક્તિઓની ફોટાઓ છાપવામાં આવે છે. ૬૦% જ્ઞાતિજનો પ્ર.સ. વાંચતા હશે એના વિષે પ્ર.સ. કે તંત્રી મંડળ શું કરી શકે? આજના યુવાનોને ગુજરાતી ન આવડતું હોય તો અંગ્રેજીમાં પ્ર.સ. છાપવાનું શક્ય છે? નથી જ. અઠવાડીક મેગેઝીન હોવાથી માહિતી ભેગી કરવા 'પ્રકાશ સમીક્ષા' કાર્યાલયને કેટલી તકલીફ પડતી હશે? 'પ્રકાશ સમીક્ષા'ને વિવિધલક્ષી બનાવવા અને દર અઠવાડીયે કંઈક નવીનતા લાવવા વધુ મેન-પાવરની જરૂર છે. માનદ્ કામ કરવા અને તંત્રીશ્રીને મદદ કરવામાં આપણાં કેટલા લોકો તૈયાર થશે?

હું વર્ષોથી પ્ર.સ.નો વાચક, પ્રસંશક અને લેખક છું તેથી જ એ પ્રતિભાવનો પ્રતિભાવ લખવાની ઈચ્છા થઈ.

**ઘાટકોપર, ૪.૧.૧૩ - શાહ મધુકાંત વિશનજી**

## બુફે જમણ

'પ્રકાશ સમીક્ષા'માં ધાર્મિક સામાજિક પ્રસંગે લખલુટ ખર્ચા શ્રી હીરજીભાઈ જીવાણી (અમરાવતી)ના વિચાર જાણ્યા. સહુથી વધુ ખર્ચા લગ્નના જમણ સમારંભ માટે કરવામાં આવે છે. વહુ-જમાઈને લગ્નમાં શું શું આપો છો તે તો ગુપ્ત રહે છે અથવા ઘરના લોકો જાણે છે પણ લગ્નમાં કેટલો ખર્ચો કર્યો તે ભોજન સમારંભ અને સ્ટેજ ડેકોરેશનથી અંદાજ આવી જાય છે.

શ્રીમંત કુટુંબના લગ્નમાં જમવામાં ઓછામાં ઓછી ૫૦-૬૦ આઈટમો હોય છે. કદાચ જેમાંથી ઘણી ચાખવામાં પણ આવતી નથી. બુફે જમણમાં ઘણો વેડફાટ થાય છે. આવા પ્રસંગે જમણવાર ડેકોરેશન વગેરેમાં વિવેક જાળવીએ તો ઘણી વેડફાટ બચાવી શકીએ. આજે, અમુક સમાજોમાં મર્યાદિત આઈટમનાં જમણ રાખવાના સામાજિક નિયમ થયા છે અને તે પળાય છે. 'અન્નદાન એ મહાદાન છે.' જોકે લગ્ન પ્રસંગે ખર્ચ કરવું એ વ્યક્તિગત પ્રશ્ન છે.

**નાગપુર, ૧૭.૧.૧૩ - સૌ. પુનમ પ્રફુલ મોમાયા**

## 'શોક કોઈએ પાડવો નહીં'

શ્રી લહેરચંદ વેલજી મૈશેરીએ જે સુધારક વિચાર નાત સમક્ષ મૂક્યો તે ખરે જ ઉચિત છે. અમલીકરણ કરવા જેવો છે. મન પ્રસન્નતાએ હર આચાર-વિચારોની તિલાંજલીએ 'શોક' કહેવાતો. સમય પ્રમાણે ત્યારે ૧૨ દિવસ, માસીસો, છઠ્ઠી અને વરસી સુધી રીત રિવાજ પાળતા.અને મૃતકના કોઈ સંબંધી તોડે તો નોંધ લેવાતી. સુખદ પ્રસંગ સંજોગો પ્રમાણે આદરવા પડે તો એ પરિવારની રજા લેવાતી. ક્યારેક રજા મળતી. અને ક્યારેક એ વિનંતીનો પણ અસ્વીકાર થતો.

દિવસો અને મહિનાઓ સુધી મોઢું મીઠું ના કર્યું હોય. અને મૃતકના સંબંધીઓના શોકમાં પૂર્ણ ભાગીદાર રહેતા. તેથી મૃતક પરિવાર મોં મીઠું કરાવી. રોકડ રકમ આપી પાળેલા શોકને ઉતારતા. ત્યારે વ્યથા વલોપાત અને વેદના રહેતી. સ્વજનો માટે એ અત્યારે પણ છે. પણ ક્ષણિક! મૃત્યુ ખબર સાંભળીએ ત્યારે ક્ષણભર દુ:ખ-બાકી તો શોક સાદડી કે પ્રાર્થના સમયે "સફેદ કપડા" પૂરતોજ રહ્યો છે!!

એમની એક દલીલ હતી. મૃતકનો શોક સૌએ પાડવો. એવું સૂચન તો થતું નથી કારણ? એવો શોક હવે સમય સંજોગે શક્ય પણ નથી.

પ્રાર્થનાસભા કે સાદડીની પૂર્ણાહુતિએ શોકના નામે કરાતા. ચા-પાણી અને નિયાણીઓને કવર આ પ્રથાને હવે ટાણે તિલાંજલી દઈએ. કોણ પરિવાર આ પહેલ કરશે?

**ભાંડુપ, ૯.૧.૧૩ - ભદ્રીચંદ ગોવિંદજી પટેલ**

**- ચંદ્રેશ વિનોદ પોલડીયા**

## વધતી વયે આહાર પસંદગી અને નિયમન

સર્વોદય મંડળ મુલુંડના સીનીયર સીટીઝન ગ્રુપ દ્વારા તા.૨૯.૧૨.૧૨ના શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલમાં યોજાયેલ કાચા ભોજનના ફાયદા વિશેનો વિશિષ્ટ કાર્યક્રમ માણ્યો. શ્રી એલ.યુ. શાહે ગોઠવેલ આ કાર્યક્રમ વડીલો માટે આવકારદાયક છે. વધતી ઉંમરે આહાર પાણીમાં કેટલું ધ્યાન રાખવું પડે તે વિચારવા જેવું છે. એ હકીકત આપણે જાણતા ન હશું પણ આવા માહિતીપ્રદ કાર્યક્રમથી ઘણી જાણકારી મળી, ભોજનમાં બાફેલા, કાચા શાકભાજી, ફળ વગેરે શરીરને ઉપયોગી છે. ડૉક્ટરની દવા લેવા કરતાં જો આપણે નિયમિત આ કાચા ખોરાક સેવન કરીએ તો આપણું શરીર નિરોગી રહી શકે. આવી અણમોલ વાત આ કાર્યક્રમથી જાણવા મળી. આ અને આવા કાર્યક્રમ માટે ગ્રુપના તમને અભિનંદન, આભાર અને અનુમોદના. હું પોતે આહારમાં આ બધા પદાર્થ લઈ ૩ વર્ષથી પ્રયોગ કરું છું. કોઈ તકલીફ નથી બહુ સારું લાગે છે.

**મુલુંડ, ૨.૧.૧૩ - દેવકુંવર વીશનજી મેપાણી**

## વસતીપત્રક

'પ્રકાશ સમીક્ષા'માં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસ્તીપત્રક સમિતિ દ્વારા જાહેરાત આપવામાં આવેલ તે અંગે કેટલાંક સૂચનો કરવા ઈચ્છું છું.

૧) ઉપરોક્ત જા.ખ. સર્વે જ્ઞાતિજનોને ફોર્મ સંપૂર્ણપણે ભરીને મોકલવા 'તાકીદ' કરેલ છે. 'તાકીદ' નો અર્થ 'ચેતવણી' એમ થાય છે.

૨) સદર જાહેરાતમાં આગળ સૂચના જણાવેલ છે કે, 'આપના તરફથી અમને વિગત/ફોર્મ નહીં મળે તો ૭માં વ.પ. પ્રમાણેની વિગતો સમજીને જ આગળ વધાશે, જેની જવાબદારી આપ સૌની રહેશે.' આ સૂચના જ અજુગતી લાગે છે. કારણ કે જુની માહિતી તો ૭મા વ.પ. માં છે જ પછી ફરી એજ માહિતી આપવાનો શો અર્થ?

કોઈપણ વ્યક્તિ કે સંસ્થા હોય, તે કોઈપણ વ્યક્તિની વ્યક્તિગત, કૌટુંબિક, સામાજીક કે ધંધાકીય આદિ માહિતી એની પૂર્વ લિખિત સંમતિ સિવાય પ્રસિદ્ધ કરી શકે નહીં.

૩) 'પ્રકાશ સમીક્ષા' ના અંક નં. ૪૬ માં આપેલ જાહેરાત પ્રમાણે જણાય છે કે જ્યાંથી નવું વ.પ. નિકળવાનું છે ત્યાં હજી ઘણાં સભ્યોના માહિતી ફોર્મ આવ્યા નથી. વળી, તા. ૨૬.૧.૧૩ ના નવા વ.પ.ની વેબસાઈટ શરૂ કરવાનું જાહેર કરાયું છે. તો તેમાં અધુરી માહિતીવાળી વેબ સાઈટનો શું મતલબ?

વેબસાઈટમાં ફોટા અને જ્ઞાતિજનોની વિગતવાર માહિતી જાહેર થશે એટલે ઓનલાઈન માહિતી થકી સલામતિના કેટલાક પ્રશ્ન ઊભા થશે.

વ.પ. આ આપણી આંતરીક બાબત છે. તેની ગુપ્તતા પાળવી આપણી અને સમાજની નૈતિક જવાબદારી અને ફરજ છે. જ્ઞાતિજનો તરફથી પોતાની વ્યક્તિગત, કૌટુંબિક, સામાજીક, ધંધાકીય વગેરે માહિતી જે વિશ્વાસ સાથે આપવામાં આવે છે કે આ માહિતીનો ઉપયોગ ફક્ત આપણાં સમાજ પુરતો જ મર્યાદિત રહે. પરંતુ આ માહિતીને 'ઓનલાઈન' કરીને સાર્વજનિક રીતે મુકવાનાં કારણથી જ્ઞાતિજનોનો વિશ્વાસ ખંડીત થાય છે. એટલે વ.પ. આપણને એક પરિવારરૂપે રાખે છે.' તો શું આપણા પરિવારના સભ્યોના ફોટાંઓ 'ઓનલાઈન' મૂકીને સાર્વજનિક પ્રદર્શિત કરશું કે? એમનાં મોબાઈલ નં. ઈમેલ એડ્રેસ, ઓળખ વગેરે સાર્વજનિક રીતે મુકીને તેમની સુરક્ષિતતાનાં બાબતે આપણે કેટલાં 'બેસાવધ' છીએ એનો જ પરિચય આપતા હોઈએ એવું લાગે છે. નવી ટેક્નોલોજી અને અદ્યતન તંત્રજ્ઞાનનો ઉપયોગ આ રીતે કરવો યોગ્ય છે?

આપણે વર્તમાનપત્રો અને ટી.વી.નાં માધ્યમ દ્વારા સમાચાર જાણીએ છીએ કે નવા તંત્રજ્ઞાનના દુરુપયોગથી કેટલા ગુન્હા-અસામાજિક પ્રવૃત્તિઓ વધી છે.

શું વ.પ. સમિતિ આ સમગ્ર જ્ઞાતિજનોને લેખિત બાંહેધરી આપી શકે છે કે, 'વ.પ.ને 'ઓનલાઈન' મુક્યાં પછી સમગ્ર જ્ઞાતિ/સમાજની સુરક્ષિતતા ભવિષ્યમાં અંકબંધ રહેશે? કદાચ આ કારણે જ ફોર્મ ભરાઈને આપવામાં વિલંબ થઈ રહ્યો છે. આશા રાખીએ કે સૌ સંબંધિતો આ મુદ્દાઓ પર પુખ્ત વિચારણા કરી આગળ વધે.

**જલગામ, ૫.૧.૧૩ – મહેશ કાંતિલાલ મોતા**


શુભેચ્છા સહ....
**શીતલ કોટન ટ્રેડર્સ**
**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**
(રંગપુર-કોઈમ્બતુર)

શુભેચ્છા સહ...
**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**
**UKKHIMJI & CO.**
144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
**C.H.A.No.11-0404**

ABDASA (KACHCHH) GAUSHALA TRUST
**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.
**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500




**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## 'વેસ્ટમાંથી બેસ્ટ'ની પ્રવૃત્તિ

બહેનો ધારે તો ઘરબેઠાં કલાકૌશલથી અનેક રીતે આવકનું સાધન બનાવી સ્વાવલંબી બની શકે અને પરિવારને મદદરૂપ થઈ શકે છે. ફાજલ સમયનો સદ્‌ઉપયોગ કરી ભારતીબેન રમેશ મોતા (જશાપર-મુલુંડ) અને તેમની દિકરી રૂપલ મોતા ઘરમાં પોતાની કલા-સુઝબુઝથી બીનઉપયોગી (વેસ્ટ) વસ્તુઓમાંથી નવી સર્જનાત્મક રીતે કંઈક ઉપયોગી વસ્તુઓ બનાવે છે. જુનામાંથી કંઈક નવું કરવું. સતત બદલાતી ફેશન અને જીવનશૈલીમાં સારી સારી ચીજો ફેંકાતી જાય અને એ વેસ્ટમાંથી શું બેસ્ટ કરી શકાય તે આગવી કલા કેળવી બહેનોને મદદરૂપ થઈ શકાય તેનું માર્ગદર્શન આપે છે. સંપર્ક : ભારતીબેન મોતા-8291099321.

## કચ્છ યુવક સંઘ દ્વારા કચ્છી ધારાસભ્યોનું સન્માન

કચ્છ યુવક સંઘના ઉપક્રમે તા. ૨૦.૧.૧૩નાં સાંજે પાંચ વાગે એકતા ગ્રાઉન્ડ, બોરવલી(વે)માં કચ્છી સમાજો દ્વારા નવનિર્વાચિત ધારાસભ્યોનું જાહેર અભિવાદન કરાયું. આ મેળાવડામાં લોકડાયરો ગોઠવાયો હતો.

## મહારાષ્ટ્ર એકમ મહિલામંચ કારંજા/મુર્તિજાપૂર

તા. ૧૩.૧૨.૨૦૧૨ના મંચની બેઠક સૌ. હીરાબેન લહેરચંદ ગોસરના ઘરે રાખવામાં આવેલ. જેમાં ગેમ્સ રમાડવામાં આવી. પહેલી ગેમમાં એક મિનીટમાં દીવાસળીથી સાથીયા કાઢવાના હતા. જેમાં સૌ. પાયલ જીનન લોડાયા પહેલા અને સૌ. દર્શના હરીશ ગોસર બીજા આવેલ. બીજી ગેમમાં સૌ. વિદ્યા દેવાંગ લોડાયા પહેલા અને સૌ. કોમલબેન દિલીપ લોડાયા બીજા આવેલ. વિજેતાઓનું પ્રોત્સાહન કરી, અલ્પાહાર પછી સૌ છૂટા પડ્યા.

તા. ૨૫.૧૨.૧૨ના મંચ તરફ બાળકો માટે ઓપન સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં નાના બાળકો (૭-૧૦ વર્ષ) માટે સેન્ટા ક્લોઝ કલરીંગ એન્ડ ડેકોરેશનની સ્પર્ધા અને મોટા બાળકો (૧૧-૨૦ વર્ષ) માટે રંગોલીની સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં લગભગ ૫૦ બાળકોએ ભાગ લીધેલ. વિજેતાઓને મંચ તરફથી ઈનામ આપવામાં આવ્યા. બધા જ ભાગ લેનાર બાળકો અને નિર્ણાયકનું પણ બહુમાન કરવામાં આવ્યું. બધા બાળકોને ઈનામ શ્રી વિજય ઊમરશી લોડાયા તરફથી આપવામાં આવ્યું.

## વિદ્યાર્થીગૃહના છાત્રો દ્વારા કપડા અને દવાઓનું કલેક્શન

વિદ્યાર્થીગ્રુહના છાત્રો દ્વારા શ્રી કુલીનકાંતભાઈ લુઠીયા (માનવ જ્યોત), શ્રી મધુકાંતભાઈ ખોના (પ્રમુખશ્રી), શ્રીમતી દમયંતીબેન ચાંપશી શાહ (ઉપપ્રમુખ), શ્રી નરેશ મોમાયા (માનદ્‌મંત્રી), અને શ્રીમતી કાશ્મીરાબેન વીરેન્દ્ર લુઠીયા (સહ-માનદ્‌મંત્રી)ના માર્ગદર્શન તા. ૧૩ અને ૧૪.૧.૧૩ના ઘાટકોપર, ભાંડુપ, કાંજુરમાર્ગ, ચેંબુર, ડોંબિવલી, મુલુંડ, મસ્જીદબંદર વગેરે વિસ્તારોમાં ફરી મોટા પાયે જાહેર જનતા પાસેથી વણવપરાયેલ અને તેમને બિનઉપયોગી, અંદાજીત ૪૦૦૦ કપડા તથા રૂા. ૧૫,૦૦૦/-ની કિંમતની દવાઓ એકત્ર કરી સમાજસેવાનું કાર્ય કરેલ. આ વસ્ત્રો તથા દવાઓ મુલુંડની માનવતાની મહેંક ફેલાવતી 'માનવજ્યોત' સંસ્થાને પહોંચાડવામાં આવેલ જે ગુજરાત અને મહારાષ્ટ્રના જુદાં જુદાં ગામોમાં જરૂરતમંદોને વિનામુલ્યે પહોંચતી કરાશે. સંસ્થાના ભૂતપૂર્વ છાત્ર શ્રી કુલીનકાંત લુઠીયા ઉગતી પેઢીમાં માનવતા અને સમાજસેવાના બી રોપી રહ્યા છે.

વિદ્યાર્થીઓ અનુજ ગીરીશ લોડાયા (રવા-સેલુ), ઉત્તિન રાજેશ ધરમશી (સુથરી-ઈંદોર) જીત નીરેન લોડાયા (કોઠારા-ખામગામ) એ જહેમત ઉઠાવેલ. તેમની સાથે સિદ્ધાર્થ મયુર ખોના, રૂષભ નિતિન મોતા, ફાલ્ગુન નીરેન લોડાયા, મયંક જીતેન્દ્ર મોમાયા, ભાવીન અરૂણ નાગડા, ઉમંગ વિમલેશ માલદે, અક્ષત લોડાયા, ફેનિલ શરદ પોલડીયા, ધવલ લોડાયા, શુભમ કિર્તિ લોડાયા અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ સહકાર આપેલ. સર્વે દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવેલ. ઈચ્છુક જ્ઞાતિજનો કપડાઓ તથા દવાઓ માનવ જ્યોત, મુલુંડને પહોંચાતી કરે તેવી વિનંતી કરાઈ છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સુરત

તા. ૩૦.૧૨.૧૨ના સાંજના ૪ થી ૬ સુધી શ્રી સુનીલભાઈ ખોનાના નિવાસસ્થાને મહાકાળી માતાની ભાવના રાખવામાં આવેલ. સંગીતના સુરતાલે તથા ઢોલ કેસીયોના સથવારે ૪૫ ભાવિકોની ઉપસ્થિતિમાં ભાવનામાં સુંદર રમઝટ જમાવેલ. દરેકને પ્રસાદ તથા આઈસ્ક્રીમ અપાયેલ. આગામી ભાવના શ્રી હીરાલાલભાઈ છેડા પરિવાર તરફથી છે.

તા. ૬.૧.૧૩ના યાત્રા તથા પિકનીક યોજાયેલ. જેમાં સુરત, નવસારી, બીલીમોરા પરિવારસહ ૫૦ સભ્યો

સામેલ થયેલ. સુરતથી બસમાં જીગરભાઈ તથા નમીતાબેન બર્થ ડે ફુગ્ગા ગેમ રમાડેલ જેમાં મનનભાઈ, નિલમબેન, હિરલબેન તથા પુજાબેન વિજેતા થયેલ. શ્રી ગીરીશભાઈ ધરમશી પરિવારે પોતાની ૩૦મી લગ્ન જયંતી પ્રસંગે બધાને ચોકલેટો આપી.

૧૦.૩૦ કલાકે નાહર તીર્થ (મરોલી) પહોંચી. ત્યાં શ્રી મુનીસુવ્રતસ્વામી જિનાલયે સેવા પુજા, ચૈત્યવંદન, ભાવના, સ્તવનો, ભક્તામર, રત્નાકર પચ્ચીસી તથા જાપ કરી લગભગ બે કલાક દેરાસરમાં ધર્મ આરાધના કરેલ.

૧૨.૩૦ કલાકે મહાજનની જનરલ સભા મળેલ જેમાં ગત વર્ષના હિસાબોની રજુઆત કરી બહાલી આપવામાં આવેલ. સર્વે પરિવારોએ નવા વર્ષનો ઉદ્દાર દિલે ફાળો લખાવેલ તથા આગામી કાર્યક્રમો માટે પોતાના વિચારો વ્યક્ત કર્યા.

બપોરે નાહરતીર્થની ભોજનશાળામાં જમીને બસમાં ઉભરાટ જવા રવાના થયા. મરોલી સુગર ફેક્ટરીમાં શ્રી સુનિલભાઈ ખોના પરિવારે બધાને શેરડીનો રસ પીવડાવેલ.

ઉભરાટના દરિયા કિનારે ૪ કલાક મોજ મસ્તી, આનંદ પ્રસોદ સાથે અંતાક્ષરી, ક્રિકેટ વગેરે ગેમનો આનંદ માણેલ. સાંજના મોદી રિસોર્ટમાં જમીને સુરત રવાના થયા.

## મહારાષ્ટ્ર એકમ મહિલામંચ-ધુલિયા

તા. ૨૩.૧૧.૧૨ના મહિલા મંચની સભા પ્રમુખશ્રી સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાની અધ્યક્ષતામાં નિવાસસ્થાને મળેલ. નવકારમંત્રથી શરૂઆત કરી. દિવાળી તથા નૂતનવર્ષની શુભેચ્છા અપાયેલ. સૌ. પ્રીતિબેને સૌનું સ્વાગત કરેલ.

મહિલા મંચ તરફથી દિવાળી શુભેચ્છા કાર્ડ બનાવવાની સ્પર્ધામાં પ્રથમ સૌ. ભાવનાબેન તૈલેષ ભાટે તથા દ્વિતીય સૌ. લતાબેન જયંત દંડ તથા સૌ. મનિષાબેન વિનોદ ભાટે વિજેતા થયેલ. નિર્ણાયક તરીકે સૌ. રૂપાલીબેન અમિત સોની તથા સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાએ સેવા આપેલ. સૌ. રૂપાલીબેન પરિચય સૌ. નમ્રતાબેન આશિષ સોનીએ આપેલ. મહિલા મંચ તરફથી સૌ. રૂપાલીબેનનું સન્માન કરવામાં આવેલ.

હસ્તાક્ષર પરથી ભવિષ્ય જાણવા અંગેની માહિતી સૌ. લતાબેન જયંત દંડ પાસેથી મેળવેલ. દિક્ષાર્થી ચિ. ગીતાબેન વિજય ગોસર (ચેન્નઈ) પધારતાં મહિલામંચ તરફથી તેમનું બહુમાન કરવામાં આવેલ. સાંજીગીત દ્વારા તેમને સાંજી આપવામાં આવેલ, ચિ. ગીતાબેને સૌને દિક્ષા પ્રસંગે ચેન્નઈ આવવાનું આમંત્રણ આપી સૌના આશીર્વાદ મેળવેલ.

બાદમાં સૌ. પ્રીતિબેને તિથી પરથી તહેવાર લખવાની રમત રમાડેલ. જેમાં પ્રથમ સૌ. દર્શનાબેન મધુસુદન દંડ તથા દ્વિતીય શ્રીમતી હિરાવંતિબેન મણિલાલ લોડાયા તથા સૌ. મનિષાબેન વિનોદ ભાટેને ઈનામ મળેલ. સરપ્રાઈઝ ગેમમાં શ્રીમતી હિરાવંતીબેન મણિલાલ લોડાયાને ઈનામ મળેલ. વિજેતાઓને દિક્ષાર્થી ચિ. ગીતાબેનના હસ્તે સૌ. પ્રીતિબેન તરફથી ઈનામ આપવામાં આવેલ.

સૌ. પ્રીતિબેનની લગ્નતિથિ પ્રસંગે મહિલા મંચને રૂા.૧૦૧/- ભેટ મળેલ. સહુએ તેમને શુભેચ્છા આપેલ. સૌ. પ્રીતિબેને આભારવિધિ કરેલ. અંતે અલ્પાહારનો આસ્વાદ માણી સહુ આનંદથી છૂટાં પડેલ.

## 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'

ફિલ્મી કલાકાર અમિતાભ બચ્ચને કચ્છની પ્રથમ મુલાકાત લીધી ત્યારે જે મનોગત વ્યક્ત કર્યું તે શીર્ષકથી કચ્છી કલાકારો, પ્રોડ્યુસરો, ડાયરેક્ટરોએ મળી માદરે વતનની વિશેષતા, ખુબી-ખામીઓને વણીને કચ્છીયતની ખુશ્બુને કચકડામાં કંડારી છે. ધીંગીધરાનું ખમતીધર ખમીર 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' ફિલ્મરૂપે આવી રહ્યું છે. ભુકંપ બાદ સતત વિકાસની વણથંભી વણઝાર ઊભી કરનારા કચ્છ એક ક્રીસ્ટલ કોહીનુરરૂપે ચમકી રહ્યું છે. કચ્છના ૪૦ સ્થળે ફિલ્માયેલ કચ્છની કલાકસબની કથા ફિલ્મીઉદ્યોગ ક્ષેત્રે એક નવું કિર્તીમાન શિખર સર કરશે.

કચ્છના કામણ પાથરતી આ ફિલ્મ કચ્છની ખમીર, ખુમારી અને ખાસીયત દાખવશે. કચ્છીયત સંસ્કૃતિની આ ફિલ્મ કચ્છ જીયોલોજી, ટુરીઝમ, ઉદ્યોગ-ધંધા ક્ષેત્રે ક્યાં પહોંચી છે તે દર્શાવશે.

## ડૉ. યોગીનીબેન વેરશી મૈશેરી

ડૉ. યોગીનીબેન વેરશી મૈશેરી (નાની સિંધોડી) મુંબઈ યુનિ.થી ફિલોસોફી વિષયે ડૉક્ટરેટ થયા છે. 'સ્ત્રી, સ્ત્રીત્વ અને જૈન ધર્મ-એક સમીરણ' એ વિષય પર મહાનિબંધ તૈયાર કરેલ છે. તેઓ વ્યવસાયે મેડીસીન, ચેસ્ટ અને ટીબી રોગના M.D. ડૉક્ટર હોવા છતાં સાહિત્યક્ષેત્રે ઉંડા અભ્યાસી અને લેખક છે. જેમણે હાલમાં જૈનોલોજી ફિલોસોફી પર ડૉક્ટરેટ કરી પરિવાર અને જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

## અચલગચ્છનો લોગો અને ધ્વજની ડીઝાઈન સ્પર્ધા

અચલગચ્છ સ્થાપનાના ૯૦૦ વર્ષની ઉજવણી નિમિત્તે ગચ્છનો પ્રતિક (Logo) અને તેના ધ્વજની ડીઝાઈન માટે કલાકાર પ્રતિભાઓ માટે સ્પર્ધા યોજાઈ છે. આ સ્પર્ધામાં રચનાત્મક ડીઝાઈન, કલર, સાઈઝ અને કોઈપણ મટેરીયલથી બનાવીને ભાગ લઈ શકાશે.

પ્રથમ પાંચ વિજેતાઓને આકર્ષક ઈનામ અને ભાગ લેનારા દરેકને આશ્વાસન અપાશે. આ ઉપરાંત ગચ્છની વેબ સાઈટ પણ તૈયાર કરાશે. એન્ટ્રી મોકલવાની છેલ્લી તા. ૧૫.૨.૧૩ છે. પૂ. મુનિ સર્વોદયસાગરજી આ.ઠા. તા. ૧૦.૨.૧૩ સુધી ગિરનાર તીર્થે રોકાશે. વધુ વિગત સંપર્ક ફોન : 9322275440.

## મોડપુર તીર્થે ધ્વજારોહણ

૪૦૦ વર્ષ પ્રાચીન મોડપુર તીર્થ જિર્ણોધ્ધાર-નવનિર્માણ કાર્ય પુરજોશમાં ચાલુ છે. પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ ચાલુ છે. આ સંકુલમાં આદિનાથદાદાનું જિનાલય છે. જેની ધ્વજારોહણ વસંતપંચમી તા. ૧૫.૨.૧૩ના સવારે ૯ વાગે છે. આ ધ્વજા નિમિત્તે સતરભેદી પુજા ભણાવી સંઘ દ્વારા ધ્વજા ચડાવાશે. આ ધ્વજારોહણની ઉછામણી બોલાશે અને સંઘ સ્વામીવાત્સલ્ય રહેશે. ટ્રસ્ટબોર્ડ તરફથી સર્વેને પધારવા હાર્દિક આમંત્રણ છે.

## વડાલામાં ધર્મ મહોત્સવ

વડાલા નગર શ્રી સંભવનાથ દાદાના દરબારે પૂ.સા. શ્રી. ગુણમાલાશ્રીજી મ.સા. અને પૂ.સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આ.ઠા. ૩ ની નિશ્રામાં શ્રી સંભવનાથ જન્મ દીક્ષા કલ્યાણક નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવ યોજાયું

તા. ૨૫.૧૨.૧૨ના સવારના સંગીતકાર શ્રી જગદીશ શાહ પાર્ટીના સંગીતનાં સથવારે પૂ.સા.શ્રી ની નિશ્રામાં વિવેચન સાથે ભવ્ય સમુહ સ્નાત્ર પૂજા ભણાવવામાં આવેલ. શ્રાવક-શ્રાવિકાઓએ હોંશેહોંશે સ્નાત્ર પૂજાનો લાભ લીધેલ. આરતીનો લાભ શ્રીમતી સરોજબેન મેપાણી, મંગલદીવાનો લાભ શ્રી સંભવ જિન ભક્તિ મંડળ હસ્તે સુરેશભાઈ નાગડા તથા શાંતિકળશનો લાભ શ્રીમતી રમીલા તારાચંદ કારાણી (ડુમરા) લીધેલ. છેલ્લે રૂા. ૧૦/- અને લાડુની પ્રભાવના થઈ.

તા. ૨૬.૧૨.૧૨ ના જન્મ કલ્યાણક નિમિત્તે મીણબત્તી, સીરામીક અથવા મેઘલાકડી અને સુખડ પાવડર દ્વારા પારણાં બનાવાના તથા હાલરડા ગાવાની હરિફાઈ યોજાઈ. પારણાં બનાવવાની સ્પર્ધામાં પ્રથમ ઈનામ કુ. પૂજા વિજય ડાઘા (દલતુંગી), દ્વિતીય શ્રીમતી અનેરી સુશીલ શાહ તથા તૃતીય શ્રીમતી બંસરી અંકિત ગડાને આવ્યા. સંભવનાથ ભગવાનના પારણાંનું હાલરડું ગાવામાં પ્રથમ શ્રીમતી છાયા મનોજ દેઢીયા, દ્વિતીય કુ. અસિતા વિપુલ દેઢીયા, તથા તૃતીય સુરેશ રામજી નાગડા (રંગપુર) આવ્યા. ભાગ લેનાર સર્વે હરીફોને આશ્વાસન ઈનામ આપવામાં આવેલ. હરિફાઈના પરીક્ષક તરીકે સેવા બજાવનાર શ્રીમતી મંજુલાબેન ગડા તથા શ્રી લહેરચંદ મૈશેરીનું શ્રી સંઘ તરફથી તિલક, શ્રીફળ અને શાલ ઓઢાળીને બહુમાન કરવામાં આવેલ. એક સદ્‌ગૃહસ્થ તરફથી સવારથી બપોર સુધી દેવદર્શન કરનાર શ્રાવક/ શ્રાવિકાઓને રૂા. ૨/- ની પ્રભાવના થયેલ. છેલ્લે રૂા. ૧૦/-ની પ્રભાવના થઈ.

રાત્રે સંઘ તરફથી આંગી ભાવના થયેલ. તા. ૨૭.૧૨.૧૨ના શ્રી સંભવનાથ દીક્ષા કલ્યાણક પ્રસંગે પૂ.સા.શ્રી.ની નિશ્રામાં વિવેચન સાથે શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા સંગીતના સથવારે શ્રી વીરભગીની મંડળે ભણાવેલ. રૂા.૨૦/- ની પ્રભાવના થઈ.


## કેપ્ટન વિરલ સુભાષ મોમાયા

યુવા જ્ઞાતિજન કેપ્ટન વિરલ મોમાયા (ડુમરા) નેશનલ ડીફેન્સ એકેડમી પુનાથી ગ્રેજ્યેશન કર્યું. મિલીટરી ટ્રેનીંગ લેતા ઈન્ડીયન મિલીટરી એકેડેમી-દહેરાદુનમાં વર્ષ-૨૦૧૦માં આર્મીમાં લેફ્ટનેટ પદે નીમાયા અને વર્ષ-૨૦૧૧માં MHOW માં બેસ્ટ યંગ ઓફિસર તરીકે પસંદગી પામ્યા. વર્ષ ૨૦૧૨માં બેલગામમાં કમાન્ડો કોર્સ પુર્ણ કરેલ અને તેમને ઈન્સ્ક્ટેકટર ગ્રેડીંગ તરીકે એવોર્ડ મળેલ. એમણે આંતરરાષ્ટ્રીય એક્સચેંજ મીશન-ઈસ્ટ એશિયાના ચીન, જાપાન, દક્ષિણ કોરીયા, સીંગાપોર, ફિલીપાઈન્સ, મલેશિયા દેશોની મુલાકાત લીધી.

હાલમાં તેઓને કેપ્ટનપદે બઢતી મળી છે અને જમ્મુ-કાશ્મીર ક્ષેત્રમાં આતંકવાદ વિરોધી કાર્યવાહી માટે પોસ્ટીંગ થઈ છે. આ વિરલ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

## લાલાવાસીઓ દ્વારા દીક્ષાર્થી બહુમાન

લાલાવાસી જ્ઞાતિજનોએ તા. ૨૩.૧.૧૩ના મુલુંડ (ઈ)માં અયોધ્યાનગરીમાં દીક્ષા લેનાર મુમુક્ષુઓના સન્માન કરી અનુમોદનાનો લહાવો લીધો હતો. દીક્ષાર્થીઓ કુ.



દિશાબેન જયચંદ લોડાયા (કોઠારા), કોમલબેન મહેન્દ્ર રાંભીયા (ગોધરા) અને કુ. પુનમ કેશવજી દેઢિયા (ભુજપુર) પૂ. આ. શ્રી. કલાપ્રભસાગરસુરીજીના વરદહસ્તે ચતુર્વિધ સંઘની વિશાળ ઉપસ્થિતિમાં દીક્ષા છે.

## આદિનાથ જૈન ટ્રસ્ટ-ચેન્નઈ

ટ્રસ્ટ દ્વારા જૈનોલોજી પત્રવ્યવહાર કોર્સ ચલાવાય છે. ભારતભરમાં ૭૧ કેન્દ્રો પર ટ્રસ્ટ દ્વારા ડીપ્લોમા ઈન જૈનોલોજીની ૧ થી ૫ સેમીસ્ટરની પરીક્ષાઓ તા. ૧૭ અને ૨૧ ફેબ્રુઆરી-૧૩ના લેવાશે. સંબંધિત કેન્દ્ર સંકલન કાર્યકર પાસે નામ નોંધાવી ભાગ લઈ શકશે. વધુ માહિતી ટ્રસ્ટ ઓફિસ ૨૧, વી.વી. કોઈલ સ્ટ્રીટ, ચુલ્લાઈ, ચેન્નઈ-૬૦૦૧૧૨, ફોન : 044-26691616/43839244.

આ પ્રકારે અચલગચ્છ સંઘમાં પણ જૈનોલોજી પત્રવ્યવહાર કોર્સ ચાલુ છે.

## ડૉ. આશા સુશીલ મોમાયા

ડૉ. આશા સુશીલ મોમાયા (વરાડીયા) ટાટા ઈન્સ્ટીટ્યુટ ઓફ ફંડામેન્ટલ રીસર્ચમાં (CTIFR) પોસ્ટ ડોક કરી રહ્યા છે. ત્યાં તેમને વીજીટીંગ કન્સલટંટ તરીકે બઢતી અપાઈ છે. આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

## સુજાપર જિનાલય ધ્વજારોહણ

કચ્છ સુજાપર ૧૩૦ વર્ષ પ્રાચીન તીર્થ જિનાલયની વર્ષગાંઠ અને ધ્વજારોહણ તા. ૧૬.૨.૧૩ના છે. તા. ૧૫.૨.૧૩ના બપોરે અઢાર અભિષેક અનુષ્ઠાન કરાશે. તા. ૧૬.૨.૧૩ના ગામજમણ હશે. સર્વે સુજાપરવાસીઓ, નિયાણીઓ અને આસપાસથી જ્ઞાતિજનોને પધારવા આમંત્રણ છે.

## 'પરબ' દ્વારા મેડીકલ ચેક-અપ અભિયાન

જ્ઞાતિની મહિલા સંસ્થા 'પરબ'ના ઉપક્રમે તા. ૮.૩.૧૩ના બપોરે ૧ વાગે શેઠ નારાણજી શામજી મહાજનવાડી-માટુંગામાં સ્વસ્થ જીવન માટે હેલ્થ એવરનેસ વિશે 'ધ વીઝન-૨૦૧૩' ઉપયોગી કાર્યક્રમ છે.

'પરબ' દ્વારા ફોર્ટીઝ હોસ્પીટલ-મુલુંડમાં રાહતદરે ફુલ બોડી ચેક-અપ અને જ્યુપીટર હોસ્પિટલ-થાણામાં રાહત દરે ફુલ બોડી ચેકઅપ, 2D Echo અને સ્ટ્રેસ ટેસ્ટ કરી આપવાનો અભિયાન ચાલુ છે. ઈચ્છુકો પરબનો સંપર્ક કરી લાભ લઈ શકશે.

## ગોએરસમા-બારોઈ મહાજનની સભા

ગોઅરેસમા-બારોઈ મહાજન અને ટ્રસ્ટબોર્ડની સર્વસાધારણ સભા જલગામમા તા. ૧૦.૩.૧૩ના સવારે ૧૦ વાગે યોજાઈ છે. જેમાં સંસ્થાકીય હિસાબો, અહેવાલ અને ભાવિ કાર્યક્રમો વિષે ચર્ચા વિચારણા થશે. સર્વે સભ્યોને પધારવા અપીલ છે. સભા બાદ સાધર્મિક ભક્તિ છે.

## ભરૂડીયાના સરપંચપદે શ્રી કલ્પેશ દંડ

સેવક ભરૂડીયા ગામના સરપંચ પદ માટે યોજાયેલ ચુંટણીમાં શ્રી કલ્પેશ રૂપશી દંડ (ઉ.વ. ૩૦) બીનહરીફ ચુંટાયા છે. યુવા શ્રી કલ્પેશભાઈ ગામના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ છે. બધા સમાજો સાથે મળી સંકલન-સહકારથી ગામના વિકાસ કાર્યોમાં રસ લઈ રહ્યા છે. ગામના મંડળો, સંસ્થાઓ અને ગામવાસીઓ તેમને બીરદાવી રહ્યા છે. રાજકીય ક્ષેત્રે આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

## વિદેશી બહેનો કચ્છી વિદ્યાર્થીઓની મુલાકાતે

મલેશિયા અને નાઈરોબીથી યુવા મહિલાઓ જીલ્લાના રુદ્રાણીની વિરાયતન શાળાના બાળકો માટે અંગ્રેજી અને સામાન્ય જ્ઞાન વધારા માટે છાત્રોને મળી શિક્ષણ સંસ્કાર સિંચન કરેલ. પૂ. શિલાપીજીએ બન્ને ટુકડીઓને આવકાર આપતા ગ્રામીણ વિસ્તારોમાં સેવામંત્ર સાધવા અનુરોધ કરેલ.

## ભુજ-પાલીતાણા છ'રીપાલક સંઘ

ભુજથી શંખેશ્વર-અમદાવાદ-પાલીતાણા ૪૫ દિવસીય છ'રી પાલક સંઘ ભુજના ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયેથી પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. શ્રમણ-શ્રમણી વૃંદની નિશ્રામાં પ્રસ્થાન થયેલ. જેને ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાએ લીલીઝંડી બતાવી શુભારંભ કરેલ. પ્રારંભે ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયે ચૈત્યવંદન બાદ પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવ્યું હતું.

બેન્ડ પાર્ટી-ઢોલ-શરણાઈ તથા પ્રભુજીના રથ સાથે છ'રીપાલક સંઘ પ્રસંગે શ્રી તારાચંદભાઈ છેડા સહ સંઘના અગ્રણીઓ કાર્યકરોએ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. ભુજથી વર્ધમાનનગર પહોંચેલા સંઘનું વર્ધમાનનગર જૈન સંઘે સ્વાગત કરેલ. ઉપાશ્રયે પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવ્યું હતું. યાત્રિક પ્રભાવના માટે આનાફોડમાં ભાગ્યશાળીઓએ ઉમળકાભેર નામો નોંધાવ્યા હતા.

વર્ધમાનનગરથી પ્રયાણ કરી સંઘ લાખોંદ નજીક સીટી સ્કવેર મધ્યે પહોંચ્યો હતો. જ્યાં પૂ. ગુરૂભગવંતશ્રીનું ભવ્ય સામૈયું કરવામાં આવેલ. રાજુભાઈ શાહ, મનીષ મોરબીયા, દિલીપ મોતા, કિશોરભાઈ સાંયા, અનીલ શાહ, મહેન્દ્રભાઈ શાહ તથા વિશાળ સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સીટી સ્કવેર, મીનીશંખેશ્વર-મહુડી મધ્યે મંડપે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવ્યું હતું. પૂજ્યશ્રીને કામળી વહોરાવવામાં આવેલ. દેશભરમાં પૂ.આ. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નો જન્મશતાબ્દિ વર્ષ ઉજવાઈ રહ્યો છે. ત્યારે સીટી સ્કવેર પ્રાંગણમાં ગુરૂ મંદિર બનાવવા ભૂમિસીટી સ્કવેર પરિવાર દ્વારા આપવામાં આવતાં શ્રી વિનોદભાઈ દેવરાજ ગંગર પરિવારે ગુરૂમંદિર બનાવી આપવાનો લાભ લીધો હતો. માતુશ્રી વેજબાઈ કુંવરજી હીરજી લાલકા (બાંડીયા) હસ્તે હર્ષાબેન રાજેન્દ્રભાઈ લાલકાએ કેશર-સુખડ રૂમનો જ્યારે માનવંતીબેન ધીરજલાલ વોરા પરિવારે ચબૂતરો બનાવી આપવાનો લાભ લીધો હતો.

પૂજ્યશ્રીની ઉપસ્થિતિમાં ત્યાં ગુરૂ મંદિરનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. છ'રીપાલક સંઘ માર્ગે પોલીસ રક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે પદયાત્રિકો માટે મેડીકલ વાહનની ક.વી.ઓ. જૈન મહાજનશ્રી ભુજ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. સંઘ પ્રયાણ માર્ગે વ્યવસ્થાઓમાં સર્વે કાર્યકરો સેવાઓ આપી રહ્યા છે.

## પૂ.સા.શ્રી ચારિત્ર્યગુણાશ્રીજીનો કાળધર્મ

અચલગચ્છીય પૂ.સા.શ્રી. ચારિત્ર્યગુણાશ્રીજી મ.સા.ની વયે ૨૦ વર્ષનું ચારિત્ર્યધર્મ પાળી તા. ૨૪.૧.૧૩ના સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

## ઐરોલી પ્લોટ પર મંગલાચરણ વિધિ

શ્રી મુંબઈ મહાજનના ઉપક્રમે શનિ તા. ૨-૨-૧૩ના સવારે ૮.૩૦ કલાકે પૂ.આ.શ્રી. કલાપ્રભસાગરજી મ.સા. અને પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં મહાજનશ્રીના ઐરોલી (નવી મુંબઈ) પ્લોટ પર પૂજ્યશ્રીઓ દ્વારા વાસક્ષેપ છાંટણાં થશે. પ્લોટદાતાઓ દ્વારા શ્રીફળ વધેરીને એ પ્લોટ પર જ્ઞાતિ માટે વિવિધલક્ષી સંકુલ ઉભારવાના મંગલાચરણ કરવામાં આવશે. આ પ્રસંગે જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ છે.

સ્થળ : પ્લોટ-૧, સેક્ટર-૧૦એ, એચપી પંપ અને ડીમાર્ટની બાજુમાં, ઐરોલી, નવી મુંબઈ.

## બેલ્લારી-કચ્છી ગુજરાતી યુવક મંડળ

તા. ૧૩.૧.૧૩ના મંડળ તરફથી 'સ્પોર્ટ્સ ડે' બેલ્લારીથી ૨૦ કિ.મી. દૂર હીરાળે ફાર્મ હાઉસમાં રાખવામાં આવેલ. સવારના ૬.૩૦ વાગે બસ દ્વારા પ્રસ્થાન કરી ૧૦૦ જણાં હીરાળ પહોંચ્યા. ત્યાં ચા-નાસ્તો લઈ રમત-ગમતની શરૂઆત રાષ્ટ્રગીત ગાઈને કરવામાં આવી. જુદી-જુદી ૬ ટીમ બનાવવામાં આવી તથા ક્રિકેટ મેચની શરૂઆત કરવામાં આવી. જેમાં નાના-મોટા સૌએ ઉમંગે ભાગ લીધો. ફાઈનલ મેચમાં શ્રી કાંતિભાઈ શાહની ટીમ વિજયી બની. મંડળના પ્રેસીડેન્ટ શ્રી નિખિલ વિજય મૈશેરી એ મેચની રનીંગ કોમેન્ટ્રી આપી. સેક્રેટરી શ્રી સંદીપ કે. શાહ તથા ખજાનચી શ્રી ભરત સોમચંદ મુનવરે વ્યવસ્થામાં સહયોગ આપેલ. બપોરે જમીને સૌએ ઉતરાયણ નિમિત્તે પતંગ ચગાવીને મજા કરી. ખડી ખો જેવી વિવિધ ગેમ્સ રમાડવામાં આવી. સાંજે ચા-નાસ્તાની વ્યવસ્થા હતી. અંતે સૌ વિજેતાઓને મંડળ તરફથી ટ્રૉફી આપવામાં આવી. સૌના સહકારથી રમતોત્સવ સફળ થયો.

## ગુજરાતી મહિલા સેવા મંડળ-બેલ્લારી

મંડળની બેઠક કલ્પનાબેન શાહના ઘરે મળેલ. પ્રાર્થનાગીત બાદ કેક કટ કરી નવવર્ષની શરૂઆત કરવામાં આવી. વર્ષ ૨૦૧૩ માટે પ્રમુખ સૌ. પ્રીતિ ચેતન મુનવર, સેક્રેટરી-સૌ. નીશા નીતિન ધરમશી, ઉપ-પ્રમુખ સૌ. કલ્પના શાહ તથા ખજાનચી સૌ. નીતા શરદ મૈશેરીને ચૂંટવામાં આવ્યા. સંક્રાંતિદિનના રૂા. ૪,૦૦૦/- ગૌશાળામાં ગાયોને ચારો તથા કપાસિયા ખવડાવવા માટે અપાયા.

ગયા મહિને રૂા. ૫,૦૦૦/- ખર્ચી નિઃશુલ્ક મેડીકલ ચેક-અપ કેમ્પ રાખવામાં આવેલ જેમાં વી-૧૦ અસોસીએશને સહકાર આપેલ. સારી સંખ્યામાં દર્દીઓએ ભાગ લીધેલ.

બોલની મનોરંજન ગેમમાં પ્રથમ સૌ. જ્યોતિ ભરત મુનવરને તથા દ્વિતીય સૌ. ચાર્મી નિખિલ મૈશેરીને ઈનામ મળેલ. લકી લેડી ઈનામ સૌ. ચંચળબેન દાસને અપાયું. અંતે સૌ જમીને છૂટા પડ્યા.

## કચ્છના ધારાસભ્યોનું સન્માન

કચ્છ યુવક સંઘના ઉપક્રમે મુંબઈમાં નવનિર્વાચિત કચ્છના ધારાસભ્યોના યોજાયેલ જાહેર સન્માન કાર્યક્રમમાં પ્રત્યુતર આપતા કહ્યું કે કચ્છી સમાજના પ્રશ્નો ઉકેલવા તમામ પ્રયાસો માટે અમારી કટીબદ્ધતા રહેશે. ઉપસ્થિત પાંચ ધારાસભ્યોએ જણાવ્યું કે દર ત્રણ મહિને મુંબઈમાં લોક દરબાર યોજીશું. સાંસદ પુનમબેન જાટે કહ્યું ટૂંક સમયમાં કચ્છ માટે એ.સી. ટ્રેન શરૂ કરાશે. ધારાસભ્યોએ કહ્યું. કચ્છના વિકાસ માટે એક થઈ કામ કરીશું, મુંબઈગરા કચ્છીઓને સુરક્ષા-સલામતી આપીશું. નવા વતન વિકાસ માટે કચ્છ પધારવા આમંત્રણ, કચ્છયુવક સંઘ સુધારાના સુચન લાવે અને મુંબઈના કચ્છીઓ માટે લડીશું એવી હૈયાધારણ આપી હતી.

## શ્રી. ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ વિદ્યાર્થીઓ માટે 'ઉડાન-A waiting a hero with in' નામે મોટિવેશનલ પ્રોગ્રામ રવિ. તા. ૧૦.૨.૧૩ બપોરે ૨.૩૦ વાગ્યે આયોજીત કરેલ છે.

આ પ્રોગ્રામનાં ટ્રેનર તરન્નુમ ડોબરિયાલ છે. જે જેઓ સહારા ટી.વી. અને ટીવી-૯, ટીવી ચેનલ પર કાર્યક્રમ આપે છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને પરીક્ષા અને કેરિયર માર્ગદર્શન માટે ઉપયોગી બની રહેશે.

કાર્યક્રમ બાદ ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. સર્વે વિદ્યાર્થીઓને કાર્યક્રમમાં પધારવા આમંત્રણ છે. કાર્યક્રમના સહયોગી દાતા રાયચંદ હંસરાજ ધરમશી છે.

વધુ વિગત માટે સંપર્ક : મયંક મોમાયા-9022295750, હેમિલ દંડ-9819985339, દિવેશ શાહ-9869002946.

વિદ્યાર્થીસંઘ દ્વારા વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલાઓ માટે Women Empowerment programme તા. ૮.૩.૧૨ના રાખવામાં આવશે. જેની વધુ વિગત ટુંકમાં જ જાહેર કરાશે.


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મુકેશ એમ. લાલકા** | ૨૩, ઉષાદીપ, પાસપોર્ટ ઓફિસ પાસે, યુનિવર્સીટી રોડ, પાંજરાપોળ, અમદાવાદ-૩૮૦૦૧૬. ફોન : 07926303822 |
| **ચંદ્રકાંત વેલજી પટેલ** | ૪૦૨ મહાલક્ષ્મી એપા. શાસ્ત્રીનગર, LPG પેટ્રોલ પંપ સામે, નાગપુર-૪૪૦૦૦૮. |
| **મેહુલ રાજેન્દ્ર વિક્રમશી** | ૫૦૨ ગોદાવરી પાર્ક, પ્લોટ-૧, સેક્ટર-૬, સાનપાડા, નવી મુંબઈ-૪૦૦૭૦૫. |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦.૧૧.૧૨ | કાંદીવલી | BHKN020201 | સોહમ-જયેશ રામજી ખોના | ભરૂડીયા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫.૧.૧૩ | ડોંબીવલી | RPNG012001 | દિલીપ દેવજી લખમશી નાગડા | રાપર | ૪૯ |
| | ડોંબીવલી | SIMO120102 | મીના મેઘજી તેજપાર મોમાયા | સાંયરા | ૪૨ |
| ૧૬.૧.૧૩ | ઘાટકોપર | SNMA050504 | વૈભવ પ્રફુલ દામજી મૈશેરી | નાની સિંઘોડી | ૨૩ |
| | જલગામ | NCMN010204 | ભાવિની હેમંત ચત્રભુજ માંયા | નાગ્રેચા | ૨૩ |
| ૨૦.૧.૧૩ | કરાડ | KRKN080603 | વરુણ નવીનચંદ્ર કલ્યાણજી ખોના | કોઠારા | ૨૬ |
| | અહમદનગર | SUMT0201004 | ચૈતાલી મુકુંદ ચીમનલાલ મોતા | સુથરી | ૨૫ |
| ૨૦.૧.૧૩ | ડોંબીવલી | MJDD020405 | જયેશ પ્રવિણ હંસરાજ દંડ | મંજલરેલડીયા | ૨૫ |
| | ડોંબીવલી | SADH020503 | ચૈતાલી બંકીમ કુંવરજી ધરમશી | સાંધાણ | ૨૧ |
| ૨૨.૧.૧૩ | ડોંબીવલી | SDKN011003 | ધવલ ઉમેશ ઉમરશી ખોના | સાંધવ | ૨૫ |
| | ડોંબીવલી | VKL030401 | મુક્તી ભવાનજી માણેકજી લોડાયા | વાંકુ | ૨૪ |
| ૨૨.૧.૧૩ | બેંગલોર | SUDH0602004 | આશિષ ખુશાલચંદ વિશનજી ધરમશી | સુથરી | ૨૯ |
| | મુલુંડ | JKNG020603 | પિન્કી પ્રેમચંદ શામજી નાગડા | જખૌ | ૨૮ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫.૧૨.૧૨ | ભાંડુપ | SAMA010603 | રિષભ ધિરેન હીરાચંદ મૈશેરી | સાંધાણ | ૨૩ |
| | મુલુંડ | A | જીનલ અશ્વીન ખીમજી ગણાત્રા | ગઢશીશા | ૨૩ |
| ૧૫.૧.૧૩ | ડોંબીવલી | KBLO111504 | ગૌતમ હિંમતલાલ પાસુભાઈ લોડાયા | મોટી ખાવડી | ૨૬ |
| | થાણા | A | સુપ્રિયા ગોપાલ વસંત કરગુટકર | કુડાલ | ૨૬ |
| ૧૭.૧.૧૩ | ડોંબીવલી | NLNG181003 | ડૉ. રિતેશ કિરણ ઠાકરશી નાગડા | નલીયા | ૨૬ |
| | બોરીવલી | A | ડૉ. અપર્ણા વિવેક શાંતારામ સાલવી | રત્નાગીરી | ૨૬ |
| ૨૦.૧.૧૩ | મુલુંડ | SANG010503 | વરુણ જયેશ રાયચંદ નાગડા | સાંધાણ | ૨૬ |
| | ઘાટકોપર | A | વલ્લરી નગીન માણેકલાલ શાહ | અમર | ૨૬ |
| ૨૦.૧.૧૩ | મુલુંડ | CDDD030303 | અંકુર નરેન્દ્ર હીરાચંદ દંડ | છાદુરા | ૨૩ |
| | મુલુંડ | A | નિધી જયેશ મુરલીધર કેસરીયા | નરેડી | ૨૨ |

### સગપણ છુટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯.૧.૧૩ | હૈદરાબાદ | RPNG040705 | ખીરેશ નવીનચંદ્ર આણંદજી નાગડા | રાપરગઢ | ૩૦ |
| | હૈદરાબાદ | A | સુરેખા ગંગામા દાસવા | અદીલાબાદ | ૨૮ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯.૧.૧૩ | અમદાવાદ | ARKN010304 | અંકીત જીતેન્દ્ર દેવજી ખોના | આરીખાણા | ૨૭ |
| | મુલુંડ | ARLO040703 | મયુરી પ્રવીણ હંસરાજ લોડાયા | આરીખાણા | ૨૩ |
| ૮.૧.૧૩ | (દુબઈ)અમલનેર | LLMA030703 | ખીરીશ નવિનચંદ્ર જેઠાભાઈ મૈશેરી | લાલા | ૩૨ |
| | મસ્જીદબંદર | RPNG020204 | ફાલ્ગુની દિનેશ લક્ષ્મીચંદ નાગડા | રાપરગઢ | ૩૨ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧.૧.૧૩ | જલગાંમ | SISO010401 | રતનશી શીવજી શામજી સોની | સાંયરા | ૭૮ |
| ૧૦.૧.૧૩ | ઘાટકોપર | SUKH070602 | રાજુલા ગુલાબ લક્ષ્મીચંદ ખોના | સુથરી | ૫૬ |
| ૧૨.૧.૧૩ | મુલુંડ | DUMO010901 | જવેરચંદ ખીમજી રાયશી મોમાયા | ડુમરા | ૮૨ |
| ૧૨.૧.૧૩ | ઘાટકોપર | VRDD030601 | કાશ્મીરા વસંત ત્રિકમજી દંડ | વરાડીયા | ૬૦ |
| ૧૯.૧.૧૩ | કોઈમ્બતુર | RAVR030701 | તેજબાઈ સોમચંદ પદમશી વોરા | રંગપુર | ૭૯ |
| ૧૯.૧.૧૩ | મુલુંડ | NLM0011101 | માણેકજી ભવાનજી કુંવરજી મોમાયા | નલીયા | ૮૨ |
| ૨૩.૧.૧૩ | કોચીન | NLMT050101 | તિલકચંદ માણેકજી માડણ મોતા | નલીયા | ૭૮ |
| ૨૨.૧.૧૩ | નવી મુંબઈ | JKHF010701 | રતનશી દામજી હેફા (વિંઝાણી) | જખૌ | ૮૫ |

(પા/ડૉ. સંઘવીએ એક ઈન્જેક્શન સીધું હૃદયની અંદર ભોંકી દીધું. બીજા બે ઈન્જેક્શનો હાથની નસમાં આપ્યાં. ફરીથી કાર્ડિયાક મસાજ ચાલુ કરી દીધો. આ બધું કામ પતાવવામાં મને ભાગ્યે જ એકથી દોઢ મિનિટ જેટલો સમય લાગ્યો હશે. હવે બધું ભગવાનના હાથમાં હતું.

ભગવાન શા માટે અપજશનો ટોપલો પોતાના માથે લે? ! એક હોશિયાર અને દયાળુ ડૉક્ટરની તનતોડ મહેનત જોઈને એ પણ શરમાઈ ગયો હશે, દીકરીની છાતી અચાનક આપમેળે ઊંચી-નીચી થવા લાગી. એક-બે હળવા આંચકા અને પછી હૃદયના ધબકારા પુનઃ ચાલુ થયા.

ડૉ. સંઘવી હવે ભારે ઉત્સાહમાં આવી ગયા. તરત જ આઇ.વી. ઈન્ફ્યુઝન ચાલુ કરી દીધું. ઓક્સિજનની નળી નાકમાં ખોસી દીધી. બાળકીની હાલત સ્થિર થઈ ત્યાં સુધીમાં એમણે ગામડાંના ડૉક્ટરે અમદાવાદના મોટા નિષ્ણાંત ઉપર લખી આપેલી 'રેફરન્સ નોટ' વાંચી લીધી.

આ વાત ખાસ નોંધનીય છે. અત્યાર સુધી ડૉક્ટરે જે સારવાર આપી હતી તે દરદીની બીમારી વિશે કશું જ જાણ્યા વગર આપી હતી. એનો એક માત્ર ઉદ્દેશ દીકરીની બંધ થયેલી 'પલ્સ' પાછી ચાલુ કરી દેવાનો હતો. હવે એની મૂળ બીમારીનું નિદાન કરવાનું રહેતું હતું. ફાઈલ, રિપોર્ટ્સ અને ચિઠ્ઠીના અભ્યાસ પછી ડૉ. સંઘવી એ નિદાન ઉપર આવ્યા કે એ બાળકીને બ્રોન્કોન્યુમોનિયા થયો હતો. એમણે સારવાનું સુકાન એ દિશામાં કરી નાંખ્યું.

બાળકી જોખમમુક્ત થાય તે વાતને તો હજુ કલાકો લાગી જવાના હતા, પણ યમદૂતો દૂર ચાલ્યા જાય એ માટે બે-ત્રણ કલાક પર્યાપ્ત હતા. લગભગ સાડા પાંચ વાગ્યાની આસપાસ ડૉ. સંઘવી ઘરે જવા માટે ઊભા થયા. કમ્પાઉન્ડરને જરૂરી સૂચનાઓ આપીને તેઓ કારમાં બેઠા.

ઘરે પહોંચ્યા, ત્યારે એમનાં પત્ની કંટાળીને પૂછવા લાગ્યા, 'તમે પણ ખરા છો! આટલી બધી વાર લગાડાતી હશે? હું તો ક્યારની થાળી પીરસીને તમારી રાહ જોઈ રહી છું. એકાદ ફોન તો કરી દેવાય કે નહીં? મને તો દવાખાને ફોન કરવાની તમે મનાઈ ફરમાવી છે. ક્યાં ફસાઈ ગયા હતા અત્યાર સુધી?'

'ફસાઈ જ ગયો હતો. બીજે ક્યાંય નહીં, પણ તમારી નારીજાતિની માયાજાળમાં!' ડૉ. સંઘવી થાકભર્યું હસ્યા, 'હં... હં...! તારે ચિંતા કરવાની જરૂર નથી. મને ફસાવ્યો હતો. એક ત્રણ માસની દીકરીએ. બહુ મહેનત કરાવી એ માસૂમ કળીએ મારી પાસે! પણ આખરે એ પાછી આવી ગઈ ખરી. મારો બધો થાક ઉતારી દીધો એ બચુકડી બદમાશણે.'

'અને ભૂખનું શું? રસોઈ પાછી ગરમ કરી આપું?' પત્નીએ પૂછ્યું.

'ના, હવે જમવાની ઈચ્છા નથી. હું એમ તો નહીં કહું કે મારી ભૂખ મરી ગઈ છે, પણ એવું જરૂર કહીશ કે મારું પેટ ભરાઈ ગયું છે. ડૉક્ટરનું પેટ હંમેશાં ભોજનથી નથી ભરાતું, ક્યારેક ક્યારેક લગભગ મૃતઃપ્રાય દરદીને બચાવી લેવાના સંતોષથી પણ એનું પેટ ભરાઈ જતું હોય છે.' કો'કદી ઈશ્વર મને કહેશે જરૂર, જા તને વરદાન છે-ટહુકા ફળે...

('દિવ્ય ભાસ્કર'માંથી ડૉ. શરદ ઠાકરની ડાયરીમાંથી સાભાર)

## *Heartiest Congratulations!!!!*



**Karishma Nitin Mota (Naliya-Cochin)**

(Birth : Date: 19-05-1988, Time: 10:40 A.M., Place: Andheri, Mumbai)

B.Sc. (Bio-Chemistry) Topper (GRD College, Coimbatore)
MBA (Human Resource) Silver Medalists (Institute of Management, Nirma University, Ahmedabad)
Presently working as Senior Lead Associate- Talent Acquisition at Infosys, Bangalore
Our warmest wishes to you for a bright and successful future...

**Heart-felt Blessings**

Dadana: **Asha Manikant Padamshi Mota** (09847553105)
Nanana: **Laxmi Ratilal Padamsey Lalka** (Lala- Andheri)
Parents: **Shilpa Nitin Mota** (09847102531)
Fui-Fua: **Mona Ashwin Dand** (Wadala) (022-24120603)
**Roopa Rajesh Lodaya** (Jamnagar) (0288-2559436)
Sister: **Shreya Nitin Mota**
Brother: **Aakash Nitin Mota**

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# ટૂંકી વાર્તા : જા, તને વરદાન છે ટહુકા ફળે...

સૌરાષ્ટ્રનું એક જાણીતું શહેર, ડૉ. સંઘવી ત્યાંના જાણીતા બાળરોગ નિષ્ણાત. આજુબાજુના પંથકમાં એમની સારી નામના. એક તો ત્રીસ વર્ષનો અનુભવ, ઉપરથી નિદાન બાબતમાં હોંશિયારી અને સારવારની બાબતે નિષ્ઠા. દરદીઓને આનાથી વધારે બીજું શું જોઈએ?

બાળકો તપાસતાં-તપાસતાં ત્રણ વાગી ગયા. હવે ભૂખ ચરમસીમા પર જઈ પહોંચી હતી. ડૉ. સંઘવીએ ઘરે ફોન જોડીને પત્નીને સૂચના પણ આપી દીધી, 'દસ મિનિટમાં પહોંચુ છું. રસોઈ ગરમ કરી રાખજે. ભૂખ તો એવી લાગી છે કે જો થાળી પીરસવામાં મોડું કરીશ, તો હું ખાલી થાળીને ચાવી જઈશ.'

બરાબર આ ક્ષણે પ્યુન ડોકાયો, 'સાહેબ, એક ઈમરજન્સી કેસ આવતો દેખાય છે. ટેક્સીમાંથી ઊતરે છે.'

'એમને પગથિયેથી જ રવાના કરી દે! બીજા દવાખાને મોકલી આપ. ભૂખ પણ લાગી છે અને આજે થાક પણ...' આટલું બોલી લીધા પછી ડૉ. સંઘવી અટકી ગયા. વિચારી રહ્યા : 'મારો તબીબી ધર્મ શું કહે છે? મારા દવાખાનામાં આવી ચડેલા એક પણ દરદીને મારાથી સારવાર આપવાની ના ન પડાય. વળી આ શહેરમાં બીજો કોઈ પીડિયાટ્રિશિયન છે જ ક્યાં? અને બીજા દવાખાને જવાનું કહીએ તો એ લોકોએ માત્ર સરકારી હૉસ્પિટલમાં જ જવું પડે. ત્યાં તો ડૉક્ટરના નામે કાગડા ઊડે છે. કોણ તપાસશે એને?' એવું વિચારીને ડૉ. સંઘવી પાછા એમની ખુરશીમાં બેસી ગયા. પ્યુનને સૂચના આપી દીધી, 'આવવા દે એમને અંદર.'

ત્રણ જણાં અંદર ધસી આવ્યા. આમ તો બેજ. પતિ-પત્ની અને હાથમાં સાવ નાનું બાળક. પત્નીની આંખમાં આંસુ હતાં અને પતિના ગળામાં રુદન.

'ડૉક્ટર સાહેબ! આ અમારી દીકરીને બચાવી લો. ત્રણ જ મહિનાની છે, પણ અમારી જિંદગીનો આધાર છે. ગામડેથી આવ્યાં છીએ. ત્યાંના ડૉક્ટર પાસે ચાર દિ'થી દવા કરાવતા હતા. આજે ડૉક્ટરે હાથ ઊંચા કરી દીધા. અમને કહી દીધું કે આની હાલત અત્યંત ગંભીર છે. તાત્કાલિક એને અમદાવાદ લઈ જવી પડશે..'

'તો પછી અમદાવાદને બદલે અહીં મારી પાસે શા માટે લઈ આવ્યાં?' ડૉ. સંઘવી મૃદુતાપૂર્વક આવું પૂછી રહ્યાં સાથે સાથે ટેબલ પર કપડામાં લપેટાયેલી એ બાળકીને તપાસતા પણ રહ્યા.

બાળકીનો પિતા બોલતો ગયો, 'અમદાવાદ જવા જેટલા અમારી પાસે રૂપિયા ન હતા અને મારી દીકરી પાસે કદાચ એટલો સમય નથી રહ્યો. એટલે અમે તમારી પાસે... જુઓ ને... સાહેબ... એને... એને...'

ડૉ. સંઘવીએ બાળકીની 'પલ્સ' પકડવાની કોશિશ કરી, પણ એમના આઘાત વચ્ચે નાડી ધબકતી બંધ થઈ ગઈ હતી. એણે માથું ઢાળી દીધું હતું. ડૉક્ટરે એની છાતી ઉપર સ્ટેથોસ્કોપ મૂકીને ધબકારા સાંભળવાનો પ્રયાસ કર્યો, પણ સરિયામ નિષ્ફળતા સાંપડી. પાંસળીઓના પિંજરમાં સર્વત્ર સન્નાટો જ સન્નાટો વ્યાપ્ત હતો. હવે એક જ ઔપચારિકતા બાકી રહી હતી. ડૉ. સંઘવીએ દીકરીના મા-બાપને માત્ર આટલું જ કહી દેવાનું હતું : 'હું દિલગીર છું. તમારી દીકરી મૃત્યુ પામી છે. તમે જો સમયસર મારી પાસે આવી પહોંચ્યા હોત તો એની સારવાર કરવા જેટલો મને...'

પણ આવું કહી દે તો ડૉ. સંઘવી અને બીજા સામાન્ય ડૉક્ટરો વચ્ચે ફરક શો રહે?! એમણે સંકલ્પ કર્યો કે આ તાજી જ મૃત્યુ પામેલી બાળકીને પાછી જીવતી કરવાનો તેઓ પ્રયત્ન કરશે. મૃત શરીરમાં પ્રાણ નાખવાનું કામ તો કોઈ કાળા માથાનો માનવી કરી શકે જ નહીં, પણ એ બાળકીની હાલત સહેજ વિશિષ્ટ હતી. ડૉ. સંઘવી જાણતા હતા કે જ્યારે એ બાળકીને એમના દવાખાનામાં લાવવામાં આવી, ત્યારે તો એ જીવતી હતી. ભલે મરણોન્મુખ હતી, તો પણ એનાં દેહમાં જીવ હજુ બચ્યો હતો. કારણ કે ડૉ. સંઘવી જ્યારે પ્રારંભિક પૂછતાછ કરતા હતા ત્યારે સવાલો પૂછવાની સાથે સાથે તેઓ બાળકીની શારીરિક તપાસ પણ કરી રહ્યા હતા. એ વખતે તો એની 'પલ્સ' મોજૂદ હતી. એનો શ્વાસોચ્છવાસ પણ ચાલુ હતો. પછી અચાનક તે ડૂબી ગઈ. આનો મતલબ કે એનો પ્રાણ હજુ એનાં દેહથી ખાસ દૂર ગયો ન હતો. (મેડીકેલ દૃષ્ટિએ એવું કહી શકાય કે એનું બ્રેઈન સર્ક્યુલેશન બંધ થયાંને હજુ એક-બે ક્ષણો થઈ હશે, જો કોઈપણ રીતે એનું હૃદય પુનઃ ધબકતું કરી શકાય તો બાળકીનું મગજ ફરીથી કામ કરવા લાગે.)

ડૉ. સંઘવીએ કમ્પાઉન્ડરને ઈન્જેક્શનો ભરીને લાવવાનો આદેશ આપી દીધો અને પોતે એ ત્રણ માસની બાળકીને 'કાર્ડિયાક મસાજ' આપવા માંડ્યા. કુમળી કાયા, નાજુક પાંસળીઓ અને હૃદયની સાઈઝ પણ નાની. ડૉ. સંઘવીને મસાજ આપવામાં બહુ મહેનત ન કરવી પડી. વચ્ચે-વચ્ચે થોડીક વાર માટે મસાજ આપવાનું બંધ કરીને તેઓ બાળકીને માઉથ-ટુ-માઉથ રેસ્પિરેશન આપી લેતા હતા. કૃત્રિમ રીતે એનાં ફેફસાંમાં ઉછીનો શ્વાસ ભરી આપતા હતા. એટલી વારમાં કમ્પાઉન્ડર ત્રણ સિરીંજો સાથે હાજર થઈ ગયો.

*(અનુસંધાન પાના નં. ૨૭)*

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**